# साम्मनस्यम्

## श्री बृहद् गुजरात संस्कृत परिषद्

मुखपत्रम्

पञ्जियतक्रमाङ्कः आर. एन्. १९९९७/५१ ● ISSN- 2249-9369

अङ्क - ११० दिसम्बर - मार्च - २०२२



महेता चन्द्रकान्तस्य पद्मश्रीति पदावलिः ।
अस्मत्परिषदश्चापि संवर्धयति गौरवम् ॥

❖ सम्पादकाः ❖

❖ डॉ. वासुदेव वि. पाठक ❖ प्रि. डॉ. गीता पी. महेता ❖ डॉ. महेश ए. पटेल

श्री बृहद् गुजरात संस्कृत परिषद्

अहमदाबाद – ३८०००९

## ॥ अस्मिन्नङ्के ॥


| | | |
|---|---|---|
| ❑ वेदवित्तम् | – ડૉ. વાસુદેવ વિ. પાઠક 'વાગર્થ' | २ |
| ❑ वृक्षोपनिषत् | – ડૉ. વાસુદેવ વિ. પાઠક 'વાગર્થ' | ३ |
| ❑ संस्कृत तुझे प्रणाम | – વંદના શર્મા | ६ |
| ❑ અમરકોશ પરની દાક્ષિણાત્ય વ્યાખ્યાઓમાં મળતાં ભટ્ટિકાવ્યના ઉલ્લેખો | – ડૉ. નિલાંજના શાહ | ७ |
| ❑ પ્રધાન તેર ઉપનિષદોનો પરિચય | – ડૉ. મહેશ એ. પટેલ | १२ |
| ❑ अभिनवसुभाषितावलिः | – | २२ |
| ❑ સંગઠનનો વેદોક્ત ઉપાય | – ડૉ. કમલેશકુમાર છ. ચોક્સી | ३६ |
| ❑ બહુજનહિતાય છાત્રવિદિતાય પ્રશ્નમંજૂષા | – ડૉ. મહેશ એ. પટેલ | ४१ |
| ❑ अमरचन्द्रसूरि रचित 'बालभारतम्' में निरूपित उत्तम पारिवारिक भावना | – હિમાંશુ પ્રવીણચંદ્ર શાહ | ५२ |
| ❑ સંસ્કૃત સાહિત્ય - રચનાત્મક શૈલીની દૃષ્ટિએ | – ડૉ. ધર્મેન્દ્ર પટેલ | ५५ |
| ❑ गीतायां यज्ञस्य विभावना | – જતીન આર. ચાવડા | ६१ |
| ❑ वैदिक अन्त्येष्टि संस्कार एवं सोलह संस्कारों का परिचय | – રજનીકાન્ત આર્ય | ६३ |
| ❑ अन्त्येष्टि संस्कार पद्धति | – મહન્ત ભાવેશ કુમાર | ६९ |
| ❑ वृत्तनवनीतम् | – | ७८ |
| ❑ શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્‌ના સંનિષ્ઠ હોદ્દેદારો | | ८१ |
| ❑ પ્રમુખ શ્રી એમ. એસ. પરીખ સાહેબનો જીવન પરીચય | | १०६ |



॥ साम्मनस्यम् परामर्शकसमितिः ॥



૧. ડૉ. ચન્દ્રકાન્ત મહેતા
૨. ડૉ. ગીતાબહેન મહેતા
૩. ડૉ. કમલેશકુમાર ચોક્સી
૪. ડૉ. મહેશ એ. પટેલ
૫. ડૉ. દર્શના કે. ભટ્ટ
૬. ડૉ. મિહિર ઉપાધ્યાય
૭. ડૉ. હિતેન્દ્ર વ્યાસ
૮. ડૉ. મહાકાન્ત જોશી
૯. શ્રી કાનજીભાઈ ભોગાયતા



**प्रकाशक :**
**डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ'**
प्रधानमन्त्री
श्री बृहद् गुजरात संस्कृत परिषद्
शेठ श्री रतिलाल मो. भा. संस्कृत भवन
श्री बृहद् गुजरात परिषद् मार्ग, दिनेश हॉल समीप,
अहमदाबाद – १ फोन : 079-40394173
मोबाईल : 9909121163

**मुद्रक :**
**ई मेगेजिन, 'साम्मनस्यम्'**
**श्री बृहद् गुजरात संस्कृत परिषद्'**
E-mail : info.b.g.s.parishad@gmail.com
Web: shribruhadgujaratsanskritparishad.org

ॐ

# वेद–वित्तम्

***स्वस्ति-पन्थामनुचरेम सूर्याचन्द्रमसाविव ॥*** *ऋग्वेद – ५.५१.१५*

**सूर्याचन्द्रमसौ इव** = *સૂર્ય અને ચન્દ્રની જેમ*

(**वयम्** = *અમે)*

**स्वस्तिपन्थाम्** = *કલ્યાણના માર્ગને*

**अनुचरेम** = *અનુસરીએ*

*અનુવાદ = સૂર્ય અને ચન્દ્રની જેમ અમે કલ્યાણના માર્ગને અનુસરીએ.*

વિશેષ :– **સતત સતત સ્વસ્તિ સેવાય, વિશુદ્ધ બુદ્ધિ વધતી જાય।**

**સત્ત્વ મળે એનો આનંદ, પ્રગતિ પૂર્વક પરમાનંદ ॥**

આવો જ ભાવ, યજુર્વેદના (૨૫-૧૯) મંત્રમાં પણ વ્યક્ત છે. ઋષિ ઇન્દ્ર, સૂર્ય, વિષ્ણુ અને બ્રહ્મા પાસેસ્ વસ્તિની યાચના કરે છે.

આપણા દૃષ્ટા ઋષિઓને મન, કલ્યાણ જ, ઉત્તરોત્તર પ્રાપ્તવ્ય છે. માત્ર પોતાનું જ નહીં, शिवमस्तु सर्वजगतः એ ઋષિની પ્રાર્થના છે. વ્યક્તિના ઇહલોક અને પરલોકનું પણ કલ્યાણ અપેક્ષિત છે.

અપેક્ષાની પૂર્તિ માટે યોગ્યતા અનિવાર્ય છે, એ જ યોગ્ય ક્રમ છે.

આવી યોગ્યતા પામવા, ઋષિએ સૂર્ય અને ચન્દ્રને અનુસરવા માટે ઇચ્છા કરી છે. નિયમિતતા, પ્રકાશકત્વ અને પરોપકાર એ આ બંનેની વિશેષતા છે. પરોપકાર કે સેવાને જ, પ્રથમ કર્તવ્ય તરીકે વિનોબાજીએ સૂચવ્યું છે. સૂર્ય-ચન્દ્રની જેમ, સ્વાર્થ વિનાની પરોપકારી પ્રવૃત્તિથી, વ્યક્તિ યોગ્યતા મેળવે તો કલ્યાણ સહજ બને.

કલ્યાણોનાં કર્મો કરીએ, કલ્યાણો મેળવતા રહીએ.

તેનાથી સત્ત્વ સાંપડે, સત્ય મળે, પરમાનંદ પણ પમાય.

– પ્રા. ડૉ. વાસુદેવ પાઠક ''**वागर्थः**''

# वृक्षोपनिषद्

– डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ'

॥ॐ॥

॥ शान्तिपाठः ॥
ॐकारं परमाधारं पूर्णं परात्परं स्मरन् ।
वृक्षान् देशिकवर्यांश्च सदाचारैस्समर्चयेत् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ अथ वृक्षं शरणं गच्छामि ॥
छायां करोति सस्नेहं शैत्यं ददाति सर्वदा ।
जीवत्येवोपकारार्थं पादपः परमार्थतः ॥१॥

विना याचकवृत्त्यैव स्वकीयं सत्त्वरूपिणम् ।
परार्थाय प्रयुञ्जानः पादपः परमार्थकः ॥२॥

पत्रं पुष्पं फलं काष्ठं मूलानि स्वरसस्तथा ।
पादपः परमोदारः ददाति हितसाधकः ॥३॥

जन्मतो जीवमात्रस्य योगक्षेमाय तत्परः ।
परमात्मस्वरूपश्च प्राणवायुप्रदायकः ॥४॥

बुसं वन्ध्यं तथा वृक्षं लतां तृणमपि प्रियम् ।
रोपयन् पोषयन्प्रीतः प्राणदानप्रवर्तकः ॥५॥

कार्यं संस्मृत्य साभारं वृक्षाणां रोपणं वरम् ।
पोषणं परमार्थाय प्रज्ञावद्भिः प्रसाददम् ॥६॥

रोपणं पादपानां च प्रीत्या संवर्धनं पुनः ।
पुष्टिदं पोषणं पुण्यं, कर्तनं पापकारकम् ॥७॥

प्राणिनां जीवनं स्वस्थं कुर्वन् प्राणादिपोषकः ।
पर्यावरणशुद्ध्यर्थं प्रवृत्तः परमार्थतः ॥८॥

सारं सञ्चित्य सर्वार्थं सद्भावैर्वृक्षसेवनम् ।
क्रियते येन, मोक्षस्य मार्गे प्रचलनं कृतम् ॥९॥

 ISSN : 2249 - 9369

जानताऽजानता वापि परेशस्तेन राधितः ।
येन पादपपुष्ट्यर्थं प्रवृत्तिः परमाऽऽदृता ॥१०॥

सद्व्यवहारदक्षैश्च स्वार्थं विचार्य सर्वथा ।
सेवा वृक्षादिनां कार्या ऋणमुक्त्यै च भावतः ॥११॥

शिष्टं विशिष्टं वरदं विशेषम् वृक्षं गुरुत्वेन मत्वैव मान्यम् ।
सन्निष्ठया सेवया वर्धयस्व भविष्यसि भद्रभद्रश्च मान्यः ॥१२॥

एतादृशस्य वृक्षस्य विस्मृत्य वरदं वरम् ।
विनाशाय विचारोऽपि पापीयानधमाधमः ॥१३॥

सद्वृक्षोपनिषद्धर्माः मयि, सर्वेषु सन्त्विति ।
प्रार्थ्यते पारमार्थ्यार्थं प्रसादस्तेन लभ्यते ॥१४॥

वृक्षेषु वासुदेवत्वं विचार्य गुणवानृषिः ।
सद्वृक्षोपनिषद्ध्याने नत्वा न्यवेदयत् सुखम् ॥१५॥

विकसेद् वृक्षलताप्रवृत्तिः प्रसरेत् परोपकारे वृत्तिः ।
भवेत् सर्वभूतानां भद्रं, प्रसरेत् परोपकारे वृत्तिः ॥१६॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
॥ इति श्री वृक्षोपनिषत् समाप्ता ॥

॥ मुक्तकत्रयी ॥

वेदे यस्य विलासिती विलसिता वन्द्यैर्वरैर्वर्णिता
सच्छात्रेषु च यस्य भव्यगरिमा विद्यावरैर्वन्दिता ।
व्यासाद्यैर्भवभूतिबाणकविभिः गानं कृतं भावतः
तस्यै तैः गुणगौरवैस्सुमुदिताः भद्राः वयं भा-रताः ॥१॥

या वेदामृतदायिनी मधुमयी सत्या शिवा सुन्दरा
या गंगायमुनादिभिस्सुपुनिता संस्कारसंस्कारिता ।
सर्वार्थं ह्यवतारधारणतया यस्याः कृता धन्यता
माता भारतनामिका सुमुदिता सौख्यां करोतु कृपाम् ॥२॥

प्रभो ! शुद्धा बुद्धिः परहितपरा स्यात्प्रतिपलमवराणां
वन्द्यानां सुविमलमनसा संभवेच्छं-करत्वम्
सुकार्यैस्स्यान्नित्यं सुजनजनसेवा सुखमयी,
स्वतंत्रे राष्ट्रे नः प्रभवतु सदा प्रीतिकरणम् ॥३॥

॥ प्रहेलिकाः ॥

किमस्ति परमं तत्त्वम् ? वाक्पटुश्च करोति किम् ?
सत्कार्यैश्च प्रसन्नः कः ? सत्यम्, वदति सज्जनः ॥१॥

प्रदानं पावनं केषाम् ? विश्वस्यं किं सतां मतम् ?
वाञ्छत्येव सुकन्या कम् ? वेदानां वचनं वरम् ॥२॥

कश्चाधीशश्च देवानाम् ? कीदृशश्च शिवस्मृतः ?
कदा कल्याणदा माता ? सुरेशः शिवदः सदा ॥३॥

कं राधयति वै राधा ? कथं राध्यश्च माधवः ?
कृपामाप्तुं च किं कार्यम् ? माधवं मनसा भजेत् ॥४॥

किं कृते दुःखमेव स्यात् ? पापस्य किं भवत्यहो ?
पितरौ नः कदा पूज्यौ ? प्रमादे पतनं सदा ॥५॥

रामस्य मारुतिः कश्च ? पत्नी कस्यास्ति जानकी ?
अञ्जनीतनयः कश्च ? दासो रामस्य मारुतिः ॥६॥

जीवने संस्कृतः कश्च ? शोभते कश्च धार्मिकः ?
कीदृशश्च सतां मार्गः ? कुलीनः संस्कृतः शुभः ॥७॥

जीवनं किं निमित्तं स्यात् ? यज्ञं कारयतीति कः ?
सद्गुरुश्च कदा सेव्यः ? परार्थं याज्ञिकः सदा ॥८॥

अत्र, चतुर्थे चरणे उत्तराणि अन्येषु च प्रश्नाः ।

डॉ. वासुदेव वि. पाठकः 'वागर्थः' सरस्वतीनगर, अमदावाद - १५

# संस्कृत ! तुझे प्रणाम

— वंदना शर्मा

संस्कृत तुमको मिली बुलन्दी जग करता सम्मान है।
धन्य-धन्य वेदों की भाषा संस्कृत तुझे प्रणाम है ॥
संस्कृत ! तु समृद्ध है इतनी,
जगभर ने अपनाया है।
जिसने चाहा तुझे सीखना,
पढ़ना-लिखना आया है ॥
अक्षर-अक्षर मोती जैसे, जग में तेरी शान है।
धन्य-धन्य वेदों की भाषा संस्कृत तुझे प्रणाम है ॥
तुम हो सरल, सहज गुणवाली,
है वर्तनी तुम्हारी शुद्ध।
भावों की वाहिका तुम्हीं हो,
अपनाते है लोग प्रबुद्ध,
हर आयु का हर रिश्ते का रखा तुम्हीं ने मान है।
धन्य-धन्य वेदों की भाषा संस्कृत तुझे प्रणाम है ॥
तूने पूरब पश्चिम जोड़े,
उत्तर-दक्षिण महकाए।
चला तुम्हारा जादू ऐसा,
सभी विदेशी ललचाए ॥
सब आते हैं, मिलकर गाते, संस्कृत का जयगान है।
धन्य-धन्य वेदों की भाषा संस्कृत तुझे प्रणाम है ॥
लगती हो तुम इतनी सुंदर,
आओ नजर उतारे हम।
हर मानस अपनाएँ तुमको,
व्याकरण रहे सरस प्रियतम् ॥
लग न सका तेरे वैभव में, कोई अल्प विराम है।
धन्य-धन्य वेदों की भाषा संस्कृत तुझे प्रणाम है ॥

— वन्दना शर्मा
साकार इंग्लिश स्कूल

# અમરકોશ પરની દાક્ષિણાત્ય વ્યાખ્યાઓમાં મળતાં ભટ્ટિકાવ્યના ઉલ્લેખો

– ડૉ. નીલાંજના શાહ

અમરકોશ અમરચંદ્ર વડે, ઈ. સ. ની ચોથી કે પાંચમી સદીની આસપાસ રચાયો ત્યારબાદ એના પર ટીકાકારો દ્વારા ટીકાઓ રચાઈ ગઈ. એ ટીકાકારોએ અમરકોશના સૂત્રોમાંના શબ્દો પરની પોતાની ટીકામાં આપેલી સમજૂતીના સમર્થનમાં, સંસ્કૃત સાહિત્યના મહાકાવ્યો અને નાટકોના શ્લોકો ટાંક્યાં છે. અમરકોશ પરની આ દાક્ષિણાત્ય ટીકાઓમાં, ભટ્ટિએ રચેલા ભટ્ટિકાવ્યના ૧૧ શ્લોકોની જ પંક્તિઓ ટાંકી છે, તે અહીં દર્શાવી છે.

તે દાક્ષિણાત્ય વ્યાખ્યાઓની ટૂંકી વિગત અહીં દર્શાવી છે. અડ્યાર - લાયબ્રેરી અને રીસર્ચ સેન્ટર તરફથી આ અપ્રકાશિત દાક્ષિણાત્ય વ્યાખ્યાઓ બે વોલ્યુમમાં પ્રકાશિત થઈ છે. તેમાં પ્રથમ વોલ્યુમમાં, અમર કોશ ના પ્રથમ બે કાંડ પરની લિંગયસૂરિની 'અમરપદવિવૃત્તિ'(આશરે ઈ.સ.ની બારમી સદી) અને મલ્લિનાથની 'અમરપદપારિજાત' (ઈ.સ. ની ચૌદમી સદી) – આ બે ટીકાઓ મળે છે. તેમાંની મલ્લિનાથની 'અમરપદપારિજાત' ટીકામાં ભટ્ટિના ૬ શ્લોકોની પંક્તિઓને ટાંકી છે.

અમરકોશના ત્રીજા કાંડ પરની ઉપર્યુક્ત બે ટીકાઓ – 'અમરપદવિવૃત્તિ' અને 'અમરપદપારિજાત' ઉપરાંત અપ્પયાચાર્યનું 'અમરપદવિવરણ' મળે છે. તેમાં 'અમરપદપારિજાત'માં 'ભ.કા.'ના એક શ્લોકની પંક્તિને ટાંકી છે, જ્યારે 'અમરપદવિવરણ'માં ભ. કા. ૪ શ્લોકોની પંક્તિઓને ટાંકી છે.

આમ આ ટીકાઓમાં, અમરપદ પારિજાતમાં, ભ.કા.ના ૬ + ૧ = ૭ શ્લોકની પંક્તિઓ ટાંકી છે, જ્યારે અમરપદવિવરણમાં ભ.કા.ના ૪ શ્લોકોની પંક્તિઓ ટાંકી છે. આમ આ બંને ટીકાઓમાં ભટ્ટિકાવ્યના કુલ ૧૧ શ્લોકોની પંક્તિઓ મળે છે. તેમને અહીં, અમરકોશના શ્લોકોના સંદર્ભમાં અ.કો.ના ક્રમ પ્રમાણે દર્શાવીને, જ્યારે અ.કો.ના સૂત્રમાના પ્રસ્તુત શબ્દને ઉપયોગી હોય, ત્યાં ભટ્ટિકાવ્ય પરની જયમંગલા ટીકામાંથી તેમજ અમરકોશ પરની 'વ્યાખ્યાસુધા' ટીકામાંના મત પણ સાથે આપ્યા છે.

**( १ ) अ. को. स्फूर्जथुर्वज्रनिर्घोषो मेघज्योतिरिरंमदः । १.३.१०**

पारिजात – स्फूर्जथुर्व्रजनिर्घोषः । प्रहारकविद्युद्ध्वनिनाम । 'श्रुत्वा तु विस्फूर्जथुप्रख्यं निनादं परिदेविनी' इति भट्टिः । (५.५३)

(વજ્રના કડાકા જેવો અવાજ સાંભળીને રડતી સીતાએ..... ઇચ્છ્યું) પારિજાતના ટીકાકાર મલ્લિનાથ स्फूर्जथुर्वज्रनिर्घोषः ને સમજાવતાં કહે છે કે આ પ્રહારક એવા વિદ્યુત્‌ના ધ્વનિનું (પ્રચંડ મેઘગર્જના) નામ છે. અને તેના સમર્થનમાં તે ભટ્ટિનો શ્લોક (૫.૫૩) નો પૂર્વાર્ધ ટાંકે છે કારણ કે એમાં પણ विस्फूर्जथुः શબ્દ આપ્યો છે, અને ભટ્ટિકાવ્યના ટીકાકાર જયમંગલે ત્યાં એનો અર્થ સમજાવતાં 'वज्रनिर्घोषतुल्यम्' જ કહ્યું છે.

નોંધવું ઘટે કે પારિજાત ટીકામાં ભટ્ટિકાવ્યના શ્લોકનો પ્રથમ શબ્દ स्फूर्जथुप्रख्यम् આપ્યો છે, પણ મૂળ ભટ્ટિકાવ્યમાં 'विस्फूर्जथुप्रख्यम्' છે.

વિવૃત્તિ ટીકામાં 'स्फूर्जथुः' અને वज्रनिर्घोषः – એ બંનેને જુદાં ગણ્યાં લાગે છે, કારણકે તેમાં 'प्रहरद्विद्युच्छब्दनामानि' એમ આપ્યું છે, જ્યારે પારિજાત ટીકામાં स्फूर्जथुर्वज्रनिर्घोषः ને પ્રચંડ મેઘગર્જન તરીકે દર્શાવ્યું છે, કારણ કે આ શબ્દને તેમણે એક નામ ગણ્યું છે. प्रहारकविद्युद्ध्वनिनामः ।

**( २ ) अ. को. ध्रुवं औत्तानपादिः <u>स्यादगस्त्यः</u> कुम्भसंभवः । १.३.२०**

पारिजात – अगत्स्यनामानि । अगस्तिरित्यप्यस्ति । 'अगस्तिनाध्यासितविन्ध्यशृङ्गम्' इति भट्टिकाव्ये । (१२.७१)

પારિજાત ટીકામાં મલ્લિનાથ નોંધે છે કે – अगस्त्य, कुम्भसंभव અને मैत्रावरुणि એ અગસ્ત્યના નામો છે પણ એ ઉપરાંત અગસ્ત્યનું 'अगस्ति' એવું પણ એક નામ છે, અને તેના સમર્થનમાં તેમણે ભટ્ટિકાવ્યનો નીચેનો શ્લોક આપ્યો છે. अगस्तिनाध्यासितविन्ध्यशृङ्गम् । (અગસ્ત્ય ઋષિ જ્યાં રહેતા હતા, તે, વિંધ્યશિખર તરફ શુક્ર ગયા) (૧૨.૭૧) અ. કો. ની વ્યા. સુધા ટીકા (પૃ. ૩૭) માં अगमस्यतीत्यप्यगस्तिः । જે પર્વતને પણ રોકી શકે, તે 'अगस्ति' એમ સમજાવ્યું છે.

વિવૃત્તિ ટીકામાં આને 'અગસ્ત્ય મુનિનાં નામ' દર્શાવ્યાં છે.

શ્રી કે. કા. શાસ્ત્રી (પૃ. ૨૬) માં જણાવે છે કે અગસ્ત્ય ઋષિ, દક્ષિણ દિશા તરફના તેજસ્વી તારારૂપ ગણાય છે. તેથી अगस्त्यः શબ્દ તારાનો વાચક પણ છે.

**( ३ ) अ. को. तिङ्सुबन्तचयो <u>वाक्यं</u> क्रिया वा कारकान्विता । १.६.२**

पारिजात – एकार्थोपरि तिङन्तसुबन्तसमुदायो <u>वाक्यम्</u> । यथा – (१२.७१)

'भ्रेमुर्ववल्गुर्ननृतुर्जजक्षुर्जगुः समुत्पुप्लुविरेनिषेदुः ।

आस्फोटयांचक्रुरभिप्रणेदूरेजुर्ननन्दुर्विचयुः समीयुः ॥ (भट्टिकाव्य १३.२८)

વિવૃત્તિમાં વાક્યની આ વ્યાખ્યા વધારે સ્પષ્ટ કહી છે. तिङ्गां चयः सुपां चयः कारकान्विता क्रिया वा वाक्यं भवति । કારક વિભક્તિઓ સાથે સંકળાયેલી ક્રિયાઓના સમૂહને પણ વાક્ય કહેવાય છે, એવો એનો અર્થ થાય છે. ભટ્ટિકાવ્ય પરની 'જયમંગલા' ટીકા (પૃ. ૩૬૬) માં આ શ્લોકને आख्यातमालेति तिङन्तमाला । એમ કહ્યું છે.

**( ४ ) अ. को. विशेषास्त्वङ्गनाः <u>भीरु</u> कामिनी वामलोचना । १.३.२०**

पारिजात – भीरुः भयशीलायाः । संज्ञापूर्वक विधेरनित्यत्वेन संबद्धौ गुणस्यानित्यता । तेन कुतस्त्यं भीरुः ! यत्तेभ्यो द्रुह्यदभ्योऽपि क्षमामहे । इति भट्टिः । (४.३९)

હે ગભરુ સ્ત્રી ! અમારો ગુનો કરનાર એમને અમે ક્ષમા ક્યાંથી આપીએ ?

कम्पोत्तरं भीरु तवोपगूढम्, इति कालिदासश्च (रघु. १३.२४)

પારિજાત ટીકામાં મલ્લિનાથે સ્પષ્ટતા કરી છે કે – भीरुः એ સંબોધન છે તેથી તેમાં ગુણ નથી થયો કારણ કે સંજ્ઞાપૂર્વક વિધિ અનિત્ય છે અને એના સમર્થનમાં ભટ્ટિકાવ્યના (૪.૩૯) તેમજ રઘુવંશનો (૧૩.૨૪) શ્લોક ટાંક્યો છે. સ્પષ્ટતા કરવી ઘટે કે રઘુવંશમાં આ શ્લોકનો પૂર્વાર્દ્ધ જે અહીં ટાંક્યો છે, તેના કરતાં સાવ જુદો જ મળે છેઃ त्वं रक्षसां भीरु यतोऽपनीता तं मार्गमेताः कृपया लता मे । હે બીકણ સ્ત્રી ? જે માર્ગે રાવણ તને લઈ ગયો હતો,

તે માર્ગલતાઓએ મને બતાવ્યો. રઘુવંશના (૧૩.૨૪ પરના શ્લોકની ટીકામાં મલ્લિનાથે પણ કહ્યું છે. ऊङुतः। (पा. ४.१.६६) इत्यूङ्) ततो नदीत्वात् संबुद्धौ ह्रस्वः। તેજ રીતે ભટ્ટિકાવ્યના ટીકાકાર જયમંગલે પણ એમજ કહ્યું છે, यत एवं हे भीरु ! संबुद्धौ गुणो न भवति संज्ञापूर्वको विधिरनित्य इति। નોધવું ઘટે કે અ. કો. પરની વ્યાખ્યાસુધા (પૃ ૨૦) માં रभस् નો મત જે આપ્યો છે, તેમાં भीरु નો અર્થ આમ આપ્યો છે. भीरुरार्तेजने स्त्रियाम् इति रभसः। એટલે તેનો અર્થ ‘બીકણ સ્ત્રી એમ થાય છે.

**( ५ ) अ. को. तूण्यां खड्गे तु निस्त्रिंश चन्द्रहासा<u>सिरिष्टयः</u> । २.८.८९**

पारिजात - खड्गे तु - असिरिष्टयः। ‘तस्मान्निरपतद् भूरि शिलाशूलेष्टिमुद्गरम्’ इति भट्टिप्रयोगादजादिश्च स्यात् (भ.का. १७.४५) (તેમાંથી અનેક શઈલાઓ, ભાલાઓ, તલવારો અને મોગરીઓ ઉછળીને પડી.)

અ. કો. માં रिष्टिः એમ આપ્યું છે. અમરપદપારિજાત ટીકામાં મલ્લિનાથ નોંધે છે કે આ શબ્દ अजादि એટલે કે इष्टिः એમ પણ પ્રયોજાય છે. અને તેના સમર્થનમાં ભટ્ટિનો ઉપર્યુક્ત પ્રયોગ આપ્યો છે, તેમાં इष्टिः મળે છે. ભટ્ટિકાવ્ય પરની જયમંગલા ટીકામાં (પૃ. ૪૫૯) માં તેનો અર્થ ‘પ્રહરણવિશેષ’ આપ્યો છે.

વિવૃત્તિ ટીકામાં પણ रिपुं हन्तीति रिष्टिः એમ આપ્યું છે એનો અર્થ ‘તલવાર’ થાય છે.

અ. કો. પરની વ્યાખ્યાસુધા ટીકામાં (પૃ. ૨૯૩) માં अजादिरिति स्वाम्यादयः। એમ આપ્યું છે. તે પરથી ક્ષીરસ્વામિ વગેરે પણ इष्टिः એમજ આપતા લાગે છે.

**( ६ ) अ. को. <u>आहोपुरुषिका</u> दर्पाद् या स्यात् संभावनात्मनि । २.८.१०१**

पारिजात - अहो पुरुषिका दीर्घादिश्च स्यात्। ‘पुरमथितुराहोपुरुषिका’ इति शंकराचार्यवचनम् (सौन्दर्यलहरी, ७) आहोपुरुषिकां पश्य मम सद्रत्नकान्तिभिः। इति भट्टिश्च (भट्टिकाव्य, ५.२७)

(અહોભાવ જન્માવતું મારું આ અદ્ભુત શૂરાતન તો તું જો)

પારિજાત ટીકામાં अहोपुरुषिका એમ આપ્યું છે અને પછી કહ્યું છે કે તે દીર્ઘાદિ પણ હોય છે અને તેના સમર્થનમાં, શંકરાચાર્યની સૌન્દર્યલહેરીનો અને ભટ્ટિકાવ્યનો શ્લોક ટાંક્યો છે. ઉપર્યુક્ત બંને દૃષ્ટાંતોમાં ‘आहोपुरुषिका’ એમજ દીર્ઘાદિ શબ્દ આપ્યો છે. અ. કો. માં પણ દીર્ઘાદિ જ આ શબ્દ આપ્યો છે.

નોંધવું ઘટે કે, વિવૃત્તિ ટીકા પણ ‘आहोपुरुषिका’ જ આપે છે. તેનો અર્થ પારિજાતમાં આમ આપ્યો છે. दर्पाद् यदात्मगौरवं तदहोपुरुषिका स्यात्। શ્રી કે. કા. શાસ્ત્રીએ (પૃ. ૨૭૨) - અભિમાન સાથે પોતાના સામર્થ્યને પડકાર આપવો તે ‘आहोपुरुषिका’ છે એમ આનો અર્થ આપ્યો છે.

**( ७ ) अ. को. वृते तु <u>वृत्तवावृत्तौ</u> संयोजित उपाहितः । ३.१.९२**

‘विवरण - वावृतुवर्तने। वर्तनं वरणमिति धातुवृत्तिः कर्मणि क्त प्रत्ययः। तथा च - ततो वावृत्यमानासौ रामशालां न्यविक्षत’ इति भट्टिः। (४.२८)

‘वृत्तवावृत्तौ’ ને સમજાવતાં વિવરણમાં કહ્યું છે કે (મા. ધા. વૃ. પૃ. ૪૧૮) દિવાદિમાં तप ऐश्वर्ये वा પછી वृतु वरणे એમ ધાતુસૂત્ર છે, કે આ સૂત્ર જોડે જ ‘वा’ છે, તેની બાબતમાં વિવાદ છે, કેટલાક માને છે કે આ वा એ वृतु वरणे ધાતુનો અવયવ છે તેથી, તેમના મતે वावृत्यते स्मेति वा वृत्तम्। અને ‘वावृतु वरणे’ એમ પાઠ આપે છે. તે બાબતના સમર્થનમાં, આ ટીકા ભટ્ટિકાવ્યના શ્લોક (૪.૨૮) નો પૂર્વાર્ધ ટાંકે છે, ततो वावृत्यमानासौ रामशालां

न्यविक्षत्। અહીં वावृत्यमाना નો અર્થ 'પસંદ કરતી' એમ થાય છે. (તે પછી રામચંદ્રને વરવા માંગતી તે શૂર્પણખા, તેમની પર્ણકુટિમાં પ્રવેશી.)

માધવીયા ધાતુવૃત્તિ (પૃ. ૪૧૮) માં આમ જ આપ્યુ છે, 'तप ऐश्वर्ये वा। केचिदिह वा ग्रहणं वक्ष्यमाणस्य 'वृतु वरणे' इत्यस्य आद्यांशमिच्छन्ति 'वावृतुवरणे इति'।' તેમાં પણ આના સમર્થનમાં ભટ્ટિનો ઉપર્યુક્ત શ્લોક ટાંક્યો છે.

તેથી જ અમરકોશમાં પણ 'वृत्तवावृत्तौ' આપ્યું છે નોંધવું પડે કે ક્ષીરતરંગિણી (પૃ. ૨૧૭)માં પણ 'वावृतु वरणे' આપ્યું છે.

**( ૮ ) अ. को. साकल्यासङ्गवचने <u>पारायण</u>तुरायणे । ३.२.२**

'विवरण - चिरंतनव्याख्यातारस्तु पारायणपरायणे इति पठित्वा व्याचक्रुः - 'साकल्यमासङ्गश्च तौ वदतः' इति। अत्र साकल्यार्थः पारायण शब्द.। तथा च भट्टिकाव्ये —

'रत्नपारायणं नाम लङ्केयम् मम मैथिली' इति। (५.८९) अत्र साकल्यार्थो गम्यत इति साकल्यवचनत्वम्।

વિવરણ ટીકા કહે છે કે साकल्यम् શબ્દ पारायणम् સાથે સંકળાયેલો છે. તે સમજાવે છે કે यस्य कस्यचिद् ग्रन्थस्य साकल्येन वचनं साकल्यवचनम्।... पारं साकल्यमयन्ते प्राप्नुवन्ति येन तत् पारायणम्। જે ગ્રંથમાં પૂરેપૂરી સંપૂર્ણતાથી કથન હોય, તેને पारायणम् કહેવાય છે. પારાયણ શબ્દના આ અર્થના સમર્થનમાં તે ભટ્ટિકાવ્યના ૫.૮૯ શ્લોકની પંક્તિ ટાંકે છે, रत्नपारायणं नाम लङ्केयं मम मैथिली। રાવણ સીતાને કહે છે 'મારી લંકાનગરી રત્નોની ખાણ છે. પારિજાત ટીકામાં પણ पारायण शब्दः साकल्यवचनः એમ કહ્યું છે અને વિવૃત્તિ ટીકામાં साकल्यवचनस्य वेदपारायणादेर्नाम। એમ કહ્યું છે. ભટ્ટિકાવ્ય પરની જયમંગલા ટીકામાં — रत्नानां पारायणम् એટલે साकल्यमुपलब्धिस्थानभूमिः। એમ આ શબ્દને સમજાવ્યો છે. ટૂંકમાં, रत्नपारायणम् એટલે બધાં રત્નોનું સ્થાન, અને साकल्यम् નો અર્થ 'સળંગ કથન' એમ થાય છે.

**( ९ ) अ. को. मुष्टिबन्धस्तु <u>संग्राहो</u> डिम्बे डमरविप्लवौ । ३.२.१४**

'विवरण - तथा च खटको मुष्टिः स्त्रियां च संग्राहः इति बोपालितेन मुष्टि पर्यायत्वेन कथितः।

खादयन्तः फलरसं मुष्टिसंग्राहपीडितम् इति भट्टिः (भ.का. ७.४०)

(મૂઠીથી દબાવીને કાઢેલા ફળોના રસને માણતા તમે જાઓ.)

વિવરણ ટીકા નોંધે છે કે અ.કો.માં मुष्टिबन्धः ને संग्राहः કહ્યું છે. જયારે બોપાલિત मुष्टिः ના પર્યાય તરીકે संग्राहः શબ્દ આપે છે.

વિવૃત્તિ ટીકામાં संगृह्यते मुष्टिरत्रेति संग्राहः। તેનો અર્થ એમ થાય કે મૂઠીને જોરથી વાળવી બંધ કરવી. વિવરણ ટીકામાં એ પણ નોંધ્યું છે કે અ. કો. વો. ૧, પૃ. ૫૩૭ માં मुष्टिग्राह्यो भागः क्षत्रियवर्गे संग्राह उक्तः। એટલે કે તેમાં શસ્ત્રનો મૂઠી વડે પકડાતો ભાગ - ઢાલની મૂઠ તે संग्राहः એમ અર્થ મળે છે.

નોંધવું ઘટે કે પારિજાત ટીકામાં નોંધ્યા પ્રમાણે વૈજયન્તી ટીકા (પૃ. ૧૭૯, શ્લો. ૭૯) બોપાલિતની જેમ જ मुष्टिः ના પર્યાય તરીકે संग्राहः ને આપે છે. ગુજરાતીમાં संग्राहः નો અર્થ 'મૂઠીની પકડ, બન્ધ' એમ થાય છે.

**( १० ) अ. को. निगारोद्गार<u>विक्षावो</u>द्ग्राहा निगरणादिषु । ३.२.३७**

पारिजात — विक्षावोविश्रयणं ध्वनिः । विक्षावस्तत्र लोकानां जामदग्न्यमिहाह्वयत् इति भट्टिः (७.३६)

ભટ્ટિ કાવ્યમાં આ પંક્તિ विक्षावैस्तोयविश्रावं तर्जयन्तो महोदधेः । (તમારા અવાજથી મહાસાગરના ઘૂઘવાટને પાછો પાડતાં.....) એમ મળે છે.

પારિજાતમાં મલ્લિનાથ કહે છે કે विक्षावो विश्रवणं ध्वनिः । विश्रावः નો અર્થ 'ध्वनि' થાય છે. એના સમર્થનમાં ભટ્ટિના શ્લોકોની ઉપર્યુક્ત પંક્તિ ટાંકે છે.

વિવૃત્તિમાં विक्षावः નો 'कासस्य नाम' એમ અર્થ આપ્યો છે. વિવરણ ટીકામાં પણ विक्षावः कासः કહ્યું છે.

નોંધવું ઘટે કે ભ. કા. ના ટીકાકાર જયમંગલ विक्षावः નો અર્થ પ્રથમ ध्वनि આપે છે. અને પછી 'कैः विक्षावैः स्वैः शब्दैः' એમ સમજાવે છે. આમ પારિજાતના ટીકાકારને જયમંગલનું સમર્થન સાંપડે છે.

સામાન્ય રીતે, विश्रावः નો અર્થ 'ખાંસી, ઉધરસ વગેરેથી થતો અવાજ' એમ કરવામાં આવે છે.

**( ११ ) अ. को. <u>तल्पं</u> शय्याट्टदारेषु स्तम्बेऽपि विटपोऽस्त्रियाम् । ३.३.१३१**

विवरण — तल्पम् तलन्ति प्रतितिष्ठन्त्यत्र भटा इति तल्पम् । 'तल प्रतिष्ठायाम्' । (उणादि. ३.२८) रूपभेदाद् नपुंसकलिङ्गम् । उत्तरवाक्यस्थमस्त्रियामिति पदमत्रानुसंधेयमिति चन्द्रः । तथा च —

ययुः सुषुप्सवस्तल्पान् भीमैर्वचनकर्मभिः इति भट्टिकाव्ये (८.१०१) पुल्लिङ्गप्रयोगः ।

વાણી અને કર્મથી ભયંકર તે રાક્ષસી, સૂવાની ઇચ્છાથી પથારીઓ તરફ ગઈ.

વિવરણ ટીકા કહે છે કે આમ तल्पम् નું લિંગ નપુંસકલિંગ છે પણ ચન્દ્ર જેવા ટીકાકારો આ શ્લોકમાં પછી આવતો अस्त्रियाम् શબ્દને, એના અનુસંધાનમાં લઈ એનો પુંલિંગ પ્રયોગ આપે છે અને એના સમર્થનમાં ભટ્ટિની ઉપર્યુક્ત પંક્તિ આપે છે જેમાં तल्पान् એમ પુંલિંગ પ્રયોગ છે.

અ. કો. માંની વિવૃત્તિ ટીકામાં तल्पम् આપીને, तलन्ति प्रतितिष्ठन्त्यत्रेति तल्पम् એમ સજાવ્યું છે.

નોંધવું ઘટે કે જયમંગલ ટીકા સહિતના ભટ્ટિકાવ્યના ૮.૧૦૧ શ્લોકમાં तल्पम् એમજ આપ્યું છે.

तल्पम् નો અર્થ શય્યા થાય છે.

---

**મુખ્ય સન્દર્ભ ગ્રંથો :**


(१) अमरकोशः दाक्षिणात्यव्याख्योपेतः, Vol. I, प्रथमकाण्डः, द्वितीयकाण्डः, Vol. II, तृतीयकाण्डः, प्रकाशक — अड्यार लायब्रेरी, थाओ सोफिकल सोसायटी एन्ड रीसर्च सेन्टर, अड्यार, मद्रास, ६०००२०इन्डिया, ई.स. १९७१

(२) अमरकोशः व्याख्यासुधा व्याख्या सहित, प्र. चौखम्बा संस्कृत प्रतिष्ठान, ३८, जवाहरनगर, बंगलो रोड, दिल्ली - ११०००७, द्वितीय संस्करण, ई.स. १९९५

(३) भट्टिकाव्यम् — जयमंगला व्याख्यासमेत, प्र. वेंकटेश्वर स्टीम प्रेस, मुंबई, ई.स. १९२८

(४) माधवीया धातुवृत्तिः, प्र. तारा बुक एजन्सी, कमच्छा, वाराणसी, २२१०१०, तृतीय संस्करण, ई.स. २०१४

# પ્રધાન તેર ઉપનિષદોનો પરિચય

– ડૉ. મહેશ એ. પટેલ, સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર

**ईश-केन-कठ-प्रश्न-मुण्डक-माण्डूक्य तित्तिरः ।**
**ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश ॥**

ઉપર્યુક્ત દશ અને મૈત્રાયણી, શ્વેતાશ્વતર અને કૌષીતકિ ઉપનિષદ્ એમ કુલ તેર ઉપનિષદોને પ્રધાન ઉપનિષદો માનવામાં આવે છે. આ પ્રત્યેકનો સંક્ષિપ્ત પરિચય પણ પ્રાપ્ત કરી લેવો જોઈએ.

## (૧) ઈશાવાસ્ય ઉપનિષદ્ :

શુક્લ યજુર્વેદની માધ્યન્દિન શાખાનો ૪૦ મો અધ્યાય 'ઈશાવાસ્ય' ઉપનિષદ્ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. આ એક જ ઉપનિષદ્ એવું છે કે જે મન્ત્રસંહિતામાં છે. બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકોની અપેક્ષાએ મન્ત્રસંહિતાનું પ્રામાણ્ય વધારે હોવાથી આ ઉપનિષદ્‌ને પહેલું સ્થાન પ્રાપ્ત થયું છે. તેમાં કુલ ૧૮ મન્ત્રો છે. વિદ્વાનો આ અઢાર મન્ત્રોના તેમાં રહેલા વર્ણ્યવિષયને આધારે ચાર વિભાગ કરે છે. મન્ત્ર ૧ થી ૩ માં ઈશ્વરની સર્વવ્યાપકતા વર્ણવી છે. મનુષ્યે સાંસારિક ભોગોમાં રચ્યા-પચ્યા રહેવાને બદલે, બીજાના ધનાદિની લાલચમાં ફસાયા વિના અમૃતમય આત્માની ઓળખ કરીને તેને મેળવવામાં સમય ખર્ચવો જોઈએ. મન્ત્ર - ૪ થી ૭ ઈશ્વર સર્વવ્યાપી છે અને અન્તર્યામી પણ છે. માટે એક જ આત્મામાં સંસારના અનેક પદાર્થોનો યોગ જોવો જોઈએ. વળી, અનેક પદાર્થોમાં નિહિત એવા એક આત્માની ઓળખ પણ કરી લેવી જોઈએ. મન્ત્ર - ૬ થી ૧૪ માં આત્માને કવિ, મનીષી, પરિભૂ કહ્યો છે. ત્યારબાદ વિદ્યા, અવિદ્યા, સમ્ભૂતિ અને અસમ્ભૂતિની વાત છે. વ્યક્તિ અને સમષ્ટિની આ વાતને ઋષિએ થોડી ગૂઢજ્ઞાનથી સમજાવી છે. તેમ છતાં તેમનું એ પ્રતિપાદન છેવટે જિજ્ઞાસુ સાધકને સમજાય તેવું બને છે. મન્ત્ર - ૧૫ થી ૧૮ માં 'ઈશ્વર જ સત્ય છે' એમ કહેવું છે. સત્યના ઢંકાયેલા મુખને ઉઘાડો અને સત્યના સાચા સ્વરૂપને જુઓ અને પામો. જીવાત્માએ ક્રતુ અર્થાત્ પુરુષાર્થવાદી બનીને પણ સત્યરૂપી પરમેશ્વરને પામવો જોઈએ, એવી હિમાયત કરી છે. ટૂંકમાં માનવ તરીકે જન્મ લઈને પોતાની ચોતરફ વ્યાપેલા ઈશ્વરનું દર્શન કરો, તેને પામવાનો પ્રયત્ન કરો, વ્યક્તિનિષ્ઠા નહીં પણ સમષ્ટિનિષ્ઠા કેળવો, આ વાત 'ઈશાવાસ્ય' ઉપનિષદ્‌નો મુખ્ય સાર છે. ઈશાવાસ્યને 'વાજસનેયીસંહિતોપનિષદ્' પણ કહેવામાં આવે છે તેમજ 'સંહિતોપનિષદ્' પણ કહેવામાં આવે છે.

## (૨) કેનોપનિષદ્ :

'કેન' ઉપનિષદ્ સામવેદ સાથે સમ્બન્ધિત ઉપનિષદ્ છે. સામવેદના તવલકાર બ્રાહ્મણનો નવમો અધ્યાય એટલે 'કેન' ઉપનિષદ્. ઋષિ જૈમિનીના નામ ઉપરથી તેને 'જૈમિનીયસંહિતા' પણ કહેવામાં

આવે છે અને ક્યારેક 'તવલકારોપનિષદ્' તેમજ 'બ્રાહ્મણોપનિષદ્' પણ કહેવામાં આવે છે. केन - કોના વડે ? એવા પ્રશ્નથી જ આ ઉપનિષદ્નો પ્રારમ્ભ થાય છે. તેમાં કુલ ચાર ખંડ છે. પ્રથમ બે ખંડ પદ્યમાં છે અને ત્રીજો-ચોથો ખંડ ગદ્યમાં છે. આખા ઉપનિષદ્માં કુલ ૩૪ મન્ત્રો છે. (૧-૮, ૨-૫, ૩-૧૨, ૪-૯ = ૩૪) પ્રથમ ખંડમાં શિષ્ય ગુરુને પૂછે છે કે, 'કોની ઇચ્છાથી મન વિષયોમાં પડે છે — પ્રેરાય છે ? (केनेषितं मनः पतति) આ પ્રાણ ચાલે છે, વાણી બોલે છે, આંખ અને કાન જોડાય છે ? ત્યારે ગુરુ જવાબ આપે છે કે, 'જે મન, પ્રાણ, આંખ, કાન એમ બધાથી મોટો છે તે પરમાત્મા છે.' આ બધા પ્રશ્નો અને ઉત્તર દ્વારા ગુરુ શિષ્યને બ્રહ્મતત્ત્વને જાણવા માટે જિજ્ઞાસુ અને પ્રયત્નશીલ બનાવે છે.

બીજા ખંડમાં બ્રહ્મના સ્વરૂપને જાણવાની વાત કરી છે. બ્રહ્મને મનથી ગ્રહણ કરી શકાય નહીં, એવું જે માને છે તે વ્યક્તિ તેને બરાબર સમજ્યો છે, પરન્તુ જે મનથી ગ્રહણ કરી શકાય એવું માને છે તે તેને બરાબર સમજ્યો નથી.

ત્રીજા ખંડમાં યક્ષોપાખ્યાન દ્વારા બ્રહ્મની મહત્તા વર્ણવી છે. એકવાર બ્રહ્મે દેવો માટે વિજય મેળવ્યો. દેવો માનતા હતા કે આ વિજય તેમનો પોતાનો છે, બ્રહ્મનો નથી. આથી તેમના મિથ્યાભિમાનને દૂર કરવા બ્રહ્મ યક્ષનું રૂપ લઈ દેવો સામે પ્રગટ થયાં. દેવોએ અગ્નિદેવને તેને જાણવા મોકલ્યા. પોતાના સામર્થ્યની બજાઈ મારતો અગ્નિ યક્ષે મૂકેલા એક તણખલાને પણ બાળી શક્યો નહીં. તે પાછો ગયો, વાયુ આવ્યો તે પણ પાછો ગયો. ઇન્દ્ર સ્વયં યક્ષ પાસે ગયો. ત્યારે તે અદશ્ય થઈ ગયો. છેવટે ઇન્દ્રે ઉમા-હૈમવતી નામની સુંદર સ્ત્રીને આકાશમાં જોઈ.

ચોથા ખંડમાં ઇન્દ્ર ઉમાને પૂછે છે કે, 'પેલો યક્ષ હતો તે કોણ હતો ?' ઉમા જવાબ આપે છે, તે 'બ્રહ્મ' હતો. અગ્નિ, વાયુ અને ઇન્દ્રે બ્રહ્મને સૌથી પ્રથમ જોયો માટે બીજા દેવોથી તે બળવાન અને ચઢિયાતા છે. આમ, અગ્નિ, વાયુ અને ઇન્દ્ર પણ જેની પ્રેરણાથી ચાલે છે તેવો 'બ્રહ્મ' જ અન્તે ઉપાસવા યોગ્ય છે. મનુષ્યે આ સમજી લેવાનું છે કે, પોતાની આંખ, કાન વગેરે પાંચ કર્મેન્દ્રિયો પ્રવૃત્ત છે તેનું કારણ પણ હૃદયાવકાશમાં રહેલું બ્રહ્મતત્ત્વ જ છે. આ બધું તેને જ આભારી છે, એવો મુખ્ય સાર અહીં ગ્રહણ કરવાનો છે.

### (૩) કઠોપનિષદ્ :

કૃષ્ણ યજુર્વેદની કાઠક શાખાના તૈત્તિરીય બ્રાહ્મણને કઠોપનિષદ્ કહે છે. તેમાં યમ અને નચિકેતાનો સંવાદ છે. બે અધ્યાયમાં કુલ ૧૨૦ વલ્લીઓ દ્વારા તેનું નિરૂપણ થયું છે. વાજશ્રવા ઋષિ યજ્ઞની દક્ષિણારૂપે વસુકી ગયેલી અને ઘરડી ગાયોનું દાન કરે છે. તેમનો નાનકડો પુત્ર નચિકેતા આ જોઈ તેમને પ્રશ્ન કરે છે કે, આ યજ્ઞમાં સર્વસ્વનું દાન કરવાનું હોય છે. તમે આ ઘરડી ગાયોનું દાન કેમ કરો છો ? વારંવાર પ્રશ્ન કરતો તે છેવટે એમ પૂછે છે કે, 'પિતાજી ! તમે મારું દાન કોને કરશો ?' ત્યારે ગુસ્સે થયેલા વાજશ્રવા કહે છે કે, 'તારું દાન હું યમને કરું છું.' પિતાની આજ્ઞા માની નચિકેતા યમના નિવાસે પહોંચે છે. યમ હાજર ન હતા. તેણે ત્યાં ત્રણ દિવસ રાહ જોઈ. યમે આવી તેનો અતિથિસત્કાર કર્યો. પછી ત્રણ વરદાન માગવા

પ્રાર્થના કરી. નચિકેતાએ પ્રથમ વરદાનમાં પિતાજીએ જે ઇચ્છાથી આ યજ્ઞકર્યો છે તે પૂર્ણ થાય. તેમને યજ્ઞફળ મળે તેમજ ક્રોધ ત્યજી પ્રસન્નચિત્ત બને, એવું વરદાન માગ્યું. બીજા વરદાનમાં તેણે અગ્નિવિદ્યાની માગણી કરી. યમદેવ તેને આ વરદાન પણ આપે છે અને તે વિદ્યાનું નામ 'નાચિકેતઅગ્નિવિદ્યા' આપે છે. ત્રીજા વરદાનમાં નચિકેતા 'મૃત્યુવિદ્યા' જાણવા માગે છે. યમ પણ આશ્ચર્ય પામે છે. પરન્તુ તેની સ્વયંસ્પષ્ટ અને નીડર માગણીથી તે ખુશ થાય છે. પરન્તુ પ્રારમ્ભે તેના ધૈર્ય અને જિજ્ઞાસાની કસોટી માટે અનેક પ્રલોભનો આપે છે. હાથી, ઘોડા, રત્ન, દીર્ઘજીવન, સુખ-સમ્પત્તિ અને સુન્દર યુવા સ્ત્રીઓ વગેરે માગવા જણાવે છે. પરન્તુ નચિકેતા કહે છે કે, 'મનુષ્યને ગમે તેટલું ધન આપો પણ કદાપિ સન્તુષ્ટ થતો નથી. (न वित्तेन तर्पणीयो मनुष्यः) માટે મારે કાંઈ જોઈતું નથી. છેવટે તેની આત્મજ્ઞાનની પ્રબળ ઇચ્છાથી યમદેવ તેને 'અગ્નિવિદ્યા' શીખવે છે. તેના દ્વારા તેને અમૃતતત્ત્વની પ્રાપ્તિ થાય છે. યમે નચિકેતાને કહ્યું કે, હે નચિકેતા ! 'उत्तिष्ठ, जाग्रत प्राप्य वरान्निबोधत ।' (૩.૧૪) ઊઠો, જાગો અને (આત્મતત્ત્વરૂપી) ધ્યેય પ્રાપ્તિ સુધી કાર્યરત રહો. છેવટે મૃત્યુ પછીની ગતિનું જ્ઞાન મેળવીને નચિકેતા બ્રહ્મતત્ત્વનો પાર પામે છે. આ નાનકડા ઉપનિષદ્‌માં પ્રાચીન ભારતીય વિદ્યાર્થીની જિજ્ઞાસાવૃત્તિ, ધૈર્ય અને તિતિક્ષાનું મનનીય આલેખન જોવા મળે છે. નચિકેતા અને યમના સંવાદો દ્વારા ઇહલોકથી પરલોકની યાત્રાનો સુન્દર અભિક્રમ પણ જોવા મળે છે.

### (૪) પ્રશ્નોપનિષદ્ :

પ્રશ્નોપનિષદ્ અથર્વવેદ સમ્બન્ધી ઉપનિષદ્ છે. અથર્વવેદની પિપ્પલાદ શાખા એટલે 'પ્રશ્ન' ઉપનિષદ્. અહીં કુલ છ શિષ્યોએ મહર્ષિ પિપ્પલાદને વારાફરતી પ્રશ્નો પૂછ્યા છે માટે જ આ ઉપનિષદ્‌નું નામ 'પ્રશ્નોપનિષદ્' છે. તેમાં કુલ છ વિભાગ છે. વિભાગ-૧ માં ૧૬, બેમાં ૧૩, ત્રણમાં ૧૨, ચારમાં ૧૧, પાંચમાં ૯ અને છમાં ૮ મન્ત્રો છે. કુલ ૬૭ મન્ત્રો છે. તેમાં કાત્યાયન કબન્ધી, વૈદર્ભિ ભાર્ગવ, કૌશલ્ય આશ્વલાયન, ગાર્ગ્ય સૌર્યાયણી, શૈબ્ય સત્યકામ અને ભારદ્વાજ સુકેશા નામના છ શિષ્યો મહર્ષિ પિપ્પલાદને જુદા જુદા પ્રશ્નો પૂછે છે. આ છ પ્રશ્ન નિમ્ન હતા.

(૧) કાત્યાયન કુળમાં જન્મેલા કબન્ધી પૂછે છે કે, આ બધી પ્રજા – જીવસૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? મહર્ષિ પિપ્પલાદ જવાબ આપે છે કે, પ્રજાપતિએ પ્રજા ઉત્પન્ન કરવા રયિ અને પ્રાણનું જોડું ઉત્પન્ન કર્યું. પ્રજાપતિ સર્વોચ્ચદેવ છે અને રયિ અર્થાત્ પ્રકૃતિ અને પ્રાણ એટલે ચેતનથી તેમણે સૃષ્ટિનું સર્જન કર્યું છે.

(૨) વિદર્ભદેશના ભાર્ગવ પૂછે છે કે, કયા દેવો પ્રજાને ધારણ કરે છે અને કયા દેવો પ્રાણીના દેહને પ્રકાશિત કરે છે. તેમજ કયો દેવ દેવોમાં શ્રેષ્ઠ છે ? મહર્ષિ પિપ્પલાદ જવાબ આપે છે કે, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી આ પાંચ વિરાટ દેવો છે. તેમના પ્રતિનિધિ એવા વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર અને પ્રાણ શરીરમાં રહેલા દેવો છે. આ બધામાં પ્રાણ જ સૌથી મોટો દેવ છે. રથનેમિની જેમ પ્રાણમાં જ સર્વની પ્રતિષ્ઠા છે.

(૩) આશ્વલાયન કૌશલ પ્રશ્ન પૂછે છે અને તરત જ પિપ્પલાદ જવાબ આપે છે, પ્રાણનું ઉત્પત્તિસ્થાન કયું. ? આત્મા. પ્રાણ શરીરમાં કેવી રીતે આવે છે ? મનુષ્યની સાથે રહેલા પડછાયાની જેમ આત્માની સાથે પ્રાણ રહે છે. તે મનની સાતે શરીરમાં આવે છે. પ્રાણ કેવી રીતે શરીરમાં રહે છે ? સમ્રાટ્‌ની જેમ. પ્રાણ શરીરમાંથી ક્યાંથી નીકળી જાય છે. સુષુમ્ણા નાડી દ્વારા નીકળી જાય છે.

(૪) સૌર્યાયણી ગાર્ગ્ય પણ પાંચ પ્રશ્નો પૂછે છે. પિપ્પલાદ તરત જ જવાબો આપે છે. સૂતી વખતે ઇન્દ્રિયો શેમાં લીન થાય છે ? મનમાં. જાગ્રત અવસ્થામાં કઈ શક્તિઓ જાગે છે ? પ્રાણાગ્નિઓ. સ્વપ્ન જોનાર દેવ કયો ? મન. સુષુપ્ત અવસ્થામાં સુખ અને આનન્દનો સાથી કોણ ? આત્મદેવ. બધી અવસ્થાઓનો અન્તિમ આધાર શું ? આત્મદેવ જ પ્રાણ અને ઇન્દ્રિયોનો આધાર છે.

(૫) શિબિકુળમાં જન્મેલા સત્યકામ પૂછે છે કે, જે વ્યક્તિ આજીવનૐકારનું ચિંતન કરે છે તે કયા લોકને પામે છે ? ૐ સંપૂર્ણ તત્ત્વ છે અને તેને જાણનાર, ઉપાસનાર બ્રહ્મલોકને પામે છે.

(૬) સુકેશા ભારદ્વાજ પ્રશ્ન પૂછે છે કે, સોળ કલાવાળા પુરુષને તમે જાણો છો ? પિપ્પલાદ ઋષિ કહે છે કે, આપણા શરીરમાં સોળ કલાવાળો પુરુષ રહે છે. પ્રાણ, શ્રદ્ધા, આકાશ, વાયુ, જ્યોતિ, જળ, પૃથ્વી, ઇન્દ્રિયો, મન, અન્ન, વીર્ય, તપ, મન્ત્રી, કર્મ, લોક અને નામ ૧૬ કળાઓવાળો આત્મા શરીરમાં રહે છે. આ આત્મા એ જ ષોડશી કલાવાળો પુરુષ છે.

આમ, જેમાં પ્રશ્નો અને ઉત્તરો દ્વારા જ આત્મતત્ત્વનું રહસ્યમય જ્ઞાન બતાવવામાં આવ્યું છે તેવું આ 'પ્રશ્નોપનિષદ્' છે.

## (૫) મુણ્ડકોપનિષદ્ :

મુણ્ડકોપનિષદ્ અથર્વવેદની શૌનક શાખા સાથે સમ્બન્ધ ધરાવે છે. તેમાં ત્રણ મુણ્ડક (અધ્યાય જેવું બીજું નામ) છે. તેમાં બે-બે ખંડ છે. કુલ ત્રણ મુણ્ડક અને છ ખંડ છે. આ સમ્પૂર્ણ પદ્યાત્મક ઉપનિષદ્ છે. પ્રથમ મુણ્ડકમાં એકવાર મહાગૃહસ્થ એવા શૌનક અંગિરસ ઋષિને સમિત્પાણિ થઈને પ્રશ્ન પૂછે છે કે, હે ભગવાન્ ! શું કોઈ એકને જાણી લેવાથી આ બધું જાણી શકાય છે ? (कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति) એના ઉત્તરરૂપે ઋષિ અંગિરસ પરા અને અપરા વિદ્યાનું જ્ઞાન આપે છે. પરાવિદ્યા દ્વારા થતા બ્રહ્મના નિરૂપણની વાત કરીને, બ્રહ્મમાંથી જન્મતા જગતની વાત તેઓ કરોળિયાના ઉદાહરણથી સમજાવે છે. જેમ કરોળિયો જાળું બનાવતી વખતે પોતાના શરીરમાંથી લાળ બહાર કાઢે છે અને ફરી પાછી ગળી જાય છે તેવી રીતે આ અક્ષર બ્રહ્મમાંથી વિશ્વની ઉત્પત્તિ થાય છે અને તેમાં જ તેનો લય થાય છે. બીજા મુણ્ડકમાં યજ્ઞયાગાદિ કર્મકાંડ અંગે ગર્ભિત શબ્દોમાં નિરૂપણ કર્યું છે. આ સંસાર યજ્ઞમય છે અને યજ્ઞનો ઉદ્‌ભવ અક્ષરબ્રહ્મમાંથી થયો છે. માત્ર ફળની ઇચ્છાથી કરાતો યજ્ઞ અવિદ્યાયનો માર્ગ છે એમ કહી માત્ર કર્માત્મક યજ્ઞો ન કરવાની વાત પણ અહીં કરી છે. એક આંધળો જેમ બીજા આંધળાને માર્ગ ન બતાવી શકે તેમ આસક્તિભાવથી કરેલું કર્મકાંડ બાળક બુદ્ધિ જેવું છે. ત્રીજા ભાગમાં બ્રહ્મને હૃદયમાં ધારણ કરવા એક સુન્દર રૂપક આપ્યું છે. प्रणवो धनुः शरोह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते । અર્થાત્ પ્રણવ અર્થાત્

ૐકારરૂપી ધનુષ ઉપર આત્મારૂપી બાણ ચડાવીને સાવધાનીપૂર્વક બ્રહ્મરૂપી લક્ષ્યને સાધવું જોઈએ. પ્રણવ એટલે ૐકારનો અર્થ અહીં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય – આ ચાર અવસ્થાઓ છે. તેમને વશ કરી બ્રહ્મને પ્રાપ્ત કરવાનું છે. ટૂંકમાં, મુંડક એટલે મુંડન કરનાર, અવિદ્યા વગેરેનું મુંડન કરી બ્રહ્મની પ્રાપ્તિ કરવી એવા અર્થમાં આ ઉપનિષદ્નું શીર્ષક પણ સાર્થક થાય છે. આપણા રાષ્ટ્ર (દેશ)ના ધ્યેયવાક્ય રૂપે સ્વીકારેલું सत्यमेव जयते । એવું વાક્ય પણ આ જ ઉપનિષદ્નું છે. સત્યરૂપી બ્રહ્મની ઉપાસના એ જ અંતિમલક્ષ્ય આપણે સ્વીકાર્યું છે.

## (૬) માંડૂક્યોપનિષદ્ :

અથર્વવેદ સમ્બન્ધી આ ઉપનિષદ્માં માત્ર ૧૨ મન્ત્રો છે. તેનું બાહ્ય કલેવર નાનું છે પરન્તુ તેનું વેદાન્તદર્શન ઘણું વિરાટ છે. અહીં પણ ૐકારનું મહત્ત્વ દર્શાવી બ્રહ્મતત્ત્વનું નિરૂપણ કર્યું છે. આ ઉપનિષદ્ના ઋષિ મંડૂક કે માંડૂક્ય વિશે બે-ત્રણ ઉલ્લેખો જોવા મળે છે. ભૃગુવંશની બે શાખાઓ હતી – ભૃગુ અને જામદગ્ન્ય. તેમાં ભૃગુમાંથી વત્સ અને વિદ એવા બીજા બે વંશો ચાલ્યા. તેમાં વત્સના પુત્ર મંડૂક ઋષિ થયા. ઐતરેય આરણ્યકમાં માંડૂક ગોત્રના માંડૂક્ય ઋષિ દ્વારા આ ઉપનિષદ્ રચાયું હસે એવું મનાય છે. શ્રી મધ્વાચાર્ય આ ઉપનિષદ્ના ૧૨ મન્ત્રો અને તેના ઉપરની ૧૯ કારિકાઓને આધારે જણાવે છે કે, વરુણે દેડકાનું રૂપ લઈને ચાર રૂપવાળા ચતુષ્પાદ નારાયણની સ્તુતિ કરી હતી. એટલે કે, મંડૂકરૂપ ધારી વરુણ આ ઉપનિષદ્ના ઋષિ છે. શંકરાચાર્યના ગુરુ શ્રી ગૌડપાદાચાર્યે આ ઉપનિષદ્ ઉપર કારિકાઓ લખી છે.

પ્રથમ છ ગદ્યમન્ત્રોમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું ૐકાર જ છે એમ જણાવ્યું છે. (ओमित्येतदक्षरमिदम्) જે કાંઈ ત્રિકાલાતીત છે તે પણ ૐકાર છે. આ આત્મા જ બ્રહ્મ છે, એમ ૐકાર, બ્રહ્મ અને આત્મા ત્રણેયનો અભેદ દર્શાવ્યો છે. ત્યારબાદ આત્માને चतुष्पाद् કહીને તેની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત અને તુરીય અવસ્થાઓનું વર્ણન કર્યું છે. જાગ્રત અવસ્થામાં આત્મા 'વૈશ્વાનર' છે. સ્વપ્નાવસ્થઆમાં 'તૈજસ્' છે. સુષુપ્તિમાં આત્મા 'પ્રાજ્ઞ' છે. તુરીયમાં 'સર્વેશ્વર' છે. કોઈ મહામત્સ્ય જેમ નદીના બન્ને કાંઠે વિચરે છે તેમ આત્મા જાગ્રત અને સુષુપ્તિમાં વિહરે છે. ત્યારબાદ તુરીય અવસ્થાની વાત કરતાં કહ્યુ છે કે, આ અવસ્થામાં વિપરીત જ્ઞાનને કોઈ અવકાશ હોતો નથી. અહીં તો જીવ સ્વપ્નાદિ રહિત બની અદ્વૈતભાવને પામે છે. ત્યારબાદ ૐકારના अ, उ અને म् ની વાત કરી છે. अ એટલે વૈશ્વાનર. તેની ઉપાસનાથી સર્વકામનાઓ સિદ્ધ થાય છે. (आप्नोति ह वै सर्वान् कामान् आदिश्च भवति ।) उ કારની ઉપાસના કરનારના કુળમાં અબ્રહ્મવિત્ (બ્રહ્મને ન જાણનારો કોઈ) જન્મતો નથી. म् ની ઉપાસના કરવાથી अ અને उ બન્નેનું જ્ઞાન પામીને પ્રાજ્ઞની પ્રાપ્તિ થાય છે. આમ, ઓછા મન્ત્રોમાં ઘણું ગહનજ્ઞાન આ ઉપનિષદ્માં આપવામાં આવ્યું છે.

## (૭) તૈત્તિરીય ઉપનિષદ્ :

કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના આરણ્યકનો ૭,૮ અને ૯ મો ભાગ એટલે તૈત્તિરીય ઉપનિષદ્. તેમાં ત્રણ પ્રપાઠક છે. શિક્ષાવલ્લી (બાર અનુવાક), બ્રહ્માનન્દવલ્લી (નવ અનુવાક) અને ભૃગુવલ્લી

(દશ અનુવાક). યજુર્વેદની તૈત્તિરીય શાખાને આધારે આ ઉપનિષદ્‌નું નામ 'તૈત્તિરીય' પડ્યું છે. એક વાત એવી પણ છે કે, વૈશમ્પાયને શિષ્યોની નિન્દા કરવા બદલ યાજ્ઞવલ્ક્યને ઠપકો આપ્યો અને પોતે જ કંઈ શીખવ્યું છે તે બધું વમન કરી નાંખવા કહ્યું. યાજ્ઞવલ્ક્યે બધા જ મન્ત્રોનું વમન કરી દીધું અને બીજા શિષ્યોએ તેતર પક્ષીનું રૂપ લઈને તે બધા મન્ત્રોને ચણી લીધા. ત્યારબાદ યાજ્ઞવલ્ક્યે સૂર્યને પ્રાર્થના કરી એટલે સૂર્યે ઘોડા (वाजि) ના રૂપે આવીને વમનથી વિનષ્ટ યજુર્વેદને પાછો વાળ્યો. આમ, વમનથી મળ્યો તે કૃષ્ણ યજુર્વેદ અને સૂર્યથી મળ્યો તે શુક્લ યજુર્વેદ.

શિક્ષાવલ્લીમાં ગુરુ-શિષ્યના આચાર-વ્યવહારનું નિરૂપણ છે. ઋત અને સત્ય બોલવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બ્રહ્મનું નિરૂપણ કરનાર 'વક્તા'ના રક્ષણની પુનઃ પુનઃ પ્રાર્થના અહીં કરવામાં આવી છે. અહીં એવા આચાર્યની વાત છે કે જે વધારેમાં વધારે શિષ્યોને ભણાવે અને બ્રહ્મજ્ઞાની બનાવે. શિક્ષાવલ્લીના અન્તભાગે सत्यं वद । धर्मं चर । सत्यान्न प्रमदितव्यम्, धर्मान्न प्रमदितव्यम् તો વગેરે કહીને શિષ્યને દીક્ષાન્ત પ્રવચન આપવામાં આવ્યું છે. છેલ્લા બારમા અનુવાકમાં शं नो मित्रः शंवरुणः शं नो भवत्वर्यमा । शं नो इन्द्रो बृहस्पतिः शं नो विष्णुरुरुक्रमः કહીને કલ્યાણની ઇચ્છા વ્યક્ત કરી છે.

બ્રહ્માનન્દવલ્લીમાં પ્રારમ્ભે દશ્યમાન જગતની ઉત્પત્તિની પ્રક્રિયા દર્શઆવી છે. આત્મામાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ, જળમાંથી પૃથ્વી, પૃથ્વીમાંથી ઔષધિઓ, ઔષધિઓમાંથી અન્ન અને અન્નમાંથી પુરુષની ઉત્પત્તિ થાય છે. ત્યારબાદ અહીં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય કોશની વાત કરવામાં આવી છે. આ આનન્દમય કોશની પુચ્છ અર્થાત્ પ્રતિષ્ઠા એટલે બ્રહ્મ. (ब्रह्म पृच्छं प्रतिष्ठा) આમ પણ જીવનનો સાચો આનન્દ ત્યારે જ આવે જ્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય. માટે જ ઉપનિષદ્‌ના ઋષિ વારંવાર આ બ્રહ્મની અનુભૂતિ માટે હિમાયત કરે છે. તેથી જ મનુષ્યના હજારો - કરોડો આનન્દ બરાબર બ્રહ્મપ્રાપ્તિની એક આનન્દ બરાબર થઈ જાય છે.

ભૃગુવલ્લીમાં પિતા વરુણ અને પુત્ર ભૃગુનો સંવાદ છે. તેમાં બ્રહ્માંડની ઉત્પત્તિની મીમાંસા છે. અહીં એક એવા રહસ્યની વાત કરવામાં આવી છે કે, જેમાંથી સૃષ્ટિનાં બધાં રહસ્યો ઉકલી જાય અને સમજાઈ પણ જાય. 'જેમાંથી આ બધાં પ્રાણીઓ જન્મે છે. જેના થકી જન્મેલાં આ બધાં પ્રાણીઓ જીવે છે અને જેની તરફ જઈને જેમાં પ્રવેસે છે તે તત્ત્વને જ જાણવાની ઇચ્છા કરો. કેમ કે તે તત્ત્વ જ બ્રહ્મતત્ત્વ છે.' यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति । तत् विजिज्ञासस्व । तद् ब्रह्मेति ।) આ જ વાતને પંચકોશની સાતે સૈદ્ધાન્તિક રીતે સાંકળી લઈને બ્રહ્મ વિશે વિગતે ચર્ચા કરી છે. ટૂંકમાં ત્રણ વલ્લીઓવાળા આ ઉપનિષદ્‌નો ઉદ્દેશ બ્રહ્મપ્રાપ્તિના પરમ આનન્દનો છે. તેથી જ તેમાં કહેવાયું છે કે, आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।

## (૮) ઐતરેય ઉપનિષદ્ :

ઋગ્વેદના ઐતરેય બ્રાહ્મણમાં આવેલા આરણ્યકનો ૨-૪-૬ ભાગ એટલે ઐતરેય ઉપનિષદ્. પ્રથમ અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિની વાત કરી છે. આ વિશ્વ કે બ્રહ્માંડ સ્થાવર – જંગમ, નાનાં – મોટાં

અનેક પ્રાણીઓ અને પદાર્થોથી ભરેલું છે. એક વિરાટ પુરુષ તેનો લોકપાલ છે. જીવ આ વિરાટ પુરુષનો અંશ છે. વિરાટ પુરુષ જળથી જન્મ્યો અને સંકલ્પથી તપ્યો છે. તેના લીધે તેના મુખમાંથી વાણી, નાસિકામાંથી અગ્નિ, વાયુમાંથી પ્રાણ, વનસ્પતિમાંથી આંખો, દિશાઓમાંથી કાન વગેરેની ઉત્પત્તિ થઈ છે.

પરન્તુ ઉપર્યુક્ત સૃષ્ટિની પૂર્વે એક માત્ર આત્મતત્ત્વ જ હતું. તેણે જ સૃષ્ટિનું સર્જન કર્યું છે. આ આત્મતત્ત્વ પુરુષોમાં ઇન્દ્રિયો રૂપે જાગ્રત, મન રૂપે સ્વપ્ન અને હૃદય રૂપે સુષુપ્ત અવસ્થામાં નિવાસ કરે છે. બીજા અધ્યાયમાં મનુષ્યના જન્મ, જીવન અને મરણની સ્થિતિઓનું વર્ણન છે. પ્રાણીઓમાં જોવા મળતાં ભૂખ અને કામ પોષણ અને પ્રજોત્પત્તિ માટે મહત્ત્વનાં છે. ત્રીજા અધ્યાયમાં આત્માના સ્વરૂપનું વર્ણન છે. અહીં 'प्रज्ञानं ब्रह्म' એમ કહીને આત્માના પ્રજ્ઞાન સ્વરૂપની વાત કરી છે. સંજ્ઞાન, અજ્ઞાન, વિજ્ઞાન, પ્રજ્ઞાન, જંઘા, દૃષ્ટિ, ધૃતિ, જાતિ, મનીષા, જૂતિ (વેગ), સ્મૃતિ, સંકલ્પ, ક્રતુ, અસુ અને કામનું જ્ઞાન થાય છે. આ બધાં જ પ્રજ્ઞાનનાં કે બ્રહ્મનાં જ નામ છે. ટૂંકમાં સૃષ્ટિનો દરેક વ્યક્તિ આ વિશાળ પરબ્રહ્મનો પોતાના જેવા જ અંશ છે એમ માની તેના તરફ 'आत्मवत् सर्वभूतेषु' એવું વૈશ્વિકદર્શન કરવું જોઈએ, એમ ઋષિ કહે છે.

## (૯) છાન્દોગ્ય ઉપનિષદ્ :

સામવેદની કૌથુમી શાખાના તાંડ્ય બ્રાહ્મણના અંતિમ આઠ પ્રપાઠક એટલે 'છાન્દોગ્યુપનિષદ્'. છન્દોનું અર્થાત્ સામવેદનું ગાન કરનાર સામવેદીને 'છન્દોગ' કહે છે. તે છન્દોગને લગતું ઉપનિષદ્ એટલે છાન્દોગ્ય. તેમાં કુલ આઠ અધ્યાય છે. પ્રથમ અધ્યાયમાં ૐકારની ઉપાસના અને તેના ફળની વાત કરી છે. यदेव विद्यया करोति श्रद्धया उपनिषदा तदेव वीर्यवत्तरं भवति । (૧-૧-૧૦) ૐકારનું શ્રદ્ધાપૂર્વકનું ઉચ્ચારણ કરવાથી બધું બલવત્તર બને છે. ત્યારબાદ સામની ગતિ વિશે દાલ્ભ્ય અને પ્રવાહલ જૈવલિ ચર્ચા કરે છે. સામની ગતિ શી છે? જળ. જળની ગતિ કઈ? લોક. આ લોકની ગતિ શી? સ્વર્ગ. આમ, સ્વર્ગની સામરૂપે પ્રતિષ્ઠા કરવામાં આવી છે. બીજા અધ્યાયમાં સામની્ઉપાસના બતાવી છે. તેમાં વૃષ્ટિવિષયક, જળવિષયક, ઋતુવિષયક, પશુવિષયક, પ્રાણ, વાણી અને આદિત્ય વિષયક સામની ઉપાસનાની વિગતે વાત કરી છે. ત્રીજા અધ્યાયમાં મધુવિદ્યાની વાત કરી છે. આદિત્યની ઉપાસના એ મધ છે. (असौ वा आदित्यो मधुः) ત્યારબાદ ગાયત્રીની ઉપાસના અને સર્વ પ્રાણીસમૂહ ગાયત્રી સ્વરૂપ છે એવી વાત કરી છે. ચોથા અધ્યાયમાં રાજા જાનશ્રુતિ અને ગાડાવાળા રૈક્વના સંવાદ દ્વારા સંવર્ગવિદ્યાની વાત કરી છે. સત્યકામ જાબાલ અને ઋષિ હારિદ્રુમતની સુન્દર કથા છે. સત્યકામ વનમાં જાય છે. ત્યાં તેન વૃષભ, અગ્નિ, હંસ અને મદ્ગુ (જળચર પક્ષી) દ્વારા બ્રહ્મના ચાર પાદનો ઉપદેશ આપે છે. પાછળવા ખંડોમાં રાજા ઉપકોસલ દ્વારા બ્રહ્મવિદ્યાનું નિરૂપણ થયું છે. પાંચમા અધ્યાયમાં ઇન્દ્રિયો અને પ્રાણનો સંવાદ છે. તેમાં કોણ શ્રેષ્ઠ એ વિશે સ્પર્ધા થાય છે, જેમાં પ્રાણનો વિજય થાય છે. ત્યારબાદ ઔપમન્યવ વગેરેનો આત્માસમ્બન્ધી વિચાર વિગતે રજૂ થયો છે. જેમાં વૈશ્વાનરના સ્વરૂપની પણ ચર્ચા કરવામાં આવી છે. છઠ્ઠા અધ્યાયમાં ઉદ્દાલક આરુણિ અને શ્વેતકેતુનો સંવાદ છે. શ્વેતકેતુ ગુરુના આશ્રમમાંથી ભણીને આવ્યા પછી અભિમાનમાં ફરે છે. પિતા તેને પ્રશ્ન પૂછે છે કે, શું તું એ તત્ત્વને જાણે

છે કે, જેનાથી ન સાંભળેલું સાંભળેલું થઈ જાય, ન જાણેલું જાણી શકાય, ન સમજેલું સમજી શકાય. (येन अश्रुतं श्रुतं भवति अमतं मतं भवति अविज्ञातं विज्ञातं भवति ।) ત્યારે શ્વેતકેતુનું અભિમાન ઓગળી જાય છે. પછી પિતા તેને સમજાવે છે કે, માટીના ઢેફાને જાણી લેવાથી માટીના બધા પદાર્થોને સમજી શકાય છે, કેમ કે, ઘડો, કોડિયું વગેરે તો નામ માત્ર છે સત્ય તો માટી જ છે.

ત્યારબાદ 'સત્' તત્ત્વની વાત સમજાવવા નદી, વૃક્ષ, વડનો ટેટો, મીઠાનો ગાંગડો વગેરેનાં ઉદાહરણો આપવામાં આવ્યાં છે. સાતમા અધ્યાયમાં નારદ અને સનત્કુમારના સંવાદ દ્વારા 'ભૂમા'ના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. નામ કરતાં વાણી, તેનાથી મન, તેથી સંકલ્પ, તેનાથી ચિત્ત પછી ધ્યાન, વિજ્ઞાન, બળ, અન્ન, જળ, આકાશ, સ્મરળ, આશા અને પ્રાણની ક્રમશઃ વાત કરીને 'ભૂમા' જાણવા યોગ્ય છે એવી વાત કરી છે. (यो वै भूमा तत्सुखम् यः वै भूमा तद् अमृतम् अथ यद् अल्पं तद् मर्त्यम् ।) આઠમા અધ્યાયમાં દહરક પુંડરીકમાં બ્રહ્મની ઉપાસનાની વાત કરી છે. મૃત્યુ પછી જીવની શી ગતિ થાય છે તેનું નિરૂપણ અહીં કર્યું છે. આપણા શરીરમાં જે નાનું હૃદયરૂપી કમળ છે તે આકાશબ્રહ્મ છે — દહરાકાશ છે. તેમાં જે કાંઈ છે તે શોધવા જેવું છે. ત્યારબાદ આત્માના જ્ઞાન માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ખૂબ જરૂર છે. ટૂંકમાં આઠ અધ્યાયોવાળું આ ઉપનિષદ્ ખૂબ જ લોકપ્રિય અને લોકપ્રસિદ્ધ બન્યું છે.

### (૧૦) બૃહદારણ્યક ઉપનિષદ્ :

શુક્લ યજુર્વેદના શતપથ બ્રાહ્મણના છેલ્લા છ અધ્યાયોને 'બૃહદારણ્યક' ઉપનિષદ્ કહે છે. તેના કુલ ત્રણ ભાગ છે (૧) મધુકાંડ (૨) યાજ્ઞવલ્ક્યકાંડ (૩) ખિલકાંડ. શંકરાચાર્ય કહે છે કે, આ ઉપનિષદ્ અરણ્યમાં કહેવાયું છે માટે 'આરણ્યક' અને બીજાં ઉપનિષદોથી પ્રમાણમાં મોટું હોવાથી 'બૃહત્' છે. આમ આ બે કારણે તેને 'બૃહદ્-આરણ્યક' ઉપનિષદ્ કહેવામાં આવ્યું છે. મધુકાંડમાં અશ્વમેધ યજ્ઞની રહસ્યમય વાત છે. મૃત્યુની સર્વગ્રાહિતા, પ્રાણની શ્રેષ્ઠતા અને સૃષ્ટિનિર્‌ાણની વાત કરવામાં આવી છે. ત્યારબાદ બાલાકિ ગાર્ગ્ય અને કાશીરાજ અજાતશત્રુનો સંવાદ છે. અજાતશત્રુ જણાવે છે કે, સૂર્ય, ચન્દ્ર, વિદ્યુત વગેરે બ્રહ્મમાં સ્થિર છે. જેમ અગ્નિમાંથી સ્ફુલિંગ (નાના-નાના તણખા) નીકળે તેમ બ્રહ્મમાંથી જ આ આખું જગત ઉત્પન્ન થાય છે. છેવટે સંસાર છોડવા માગતા યાજ્ઞવલ્ક્યની તેમની બે પત્નીઓ મૈત્રેયી અને કાત્યાયની સાથેનો સંવાદ છે. કાત્યાયની સમ્પત્તિ પામવાની ઈચ્છાથી મૌન રહી. પરન્તુ મૈત્રેયીએ સમ્પત્તિની ઈચ્છા કરી નહીં. પણ 'જેનાથી હું અમર થઈ શકું' એવી વસ્તુની અર્થાત્ જ્ઞાનની માંગણી કરી. યાજ્ઞવલ્ક્યે તેની પ્રશંસા કરી અને 'મધુવિદ્યા' આપી.

બીજા યાજ્ઞવલ્ક્યકાંડમાં જનક રાજાની સભામાં યાજ્ઞવલ્ક્યે બધા જ બ્રહ્મવાદીઓને શાસ્ત્રાર્થમાં હરાવી દીધા. પ્રાણ એ બ્રહ્મનથી એ વાત તેમણે સિદ્ધ કરી. તે માટે તેમણે મનુષ્યની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, જન્મ, મૃત્યુ અને મોક્ષ એવી છ અવસ્થાઓનું વિગતે વર્ણન પણ કર્યું. પરન્તુ ત્યારે સભામાં ગાર્ગી નામની વિદૂષી હતી. તેણે અતિપ્રશ્નો પૂછ્યા ત્યારે યાજ્ઞવલ્ક્યે તેને પણ મૌન કરી દીધી. ત્રીજા ખિલકાંડમાં શ્વેતકેતુ, ઉદ્દાલક આરુણિ અને પાંચાલ નરેશ પ્રવાહણ જૈવલિનો પંચાગ્નિ-વિદ્યા વિષયક

સંવાદ છે. પ્રવાહણ જૈવલિ ઋષિ ગૌતમને કહે છે કે, હે ઋષિવર ! આ દેખાતો લોક યજ્ઞનો અગ્નિ છે. પૃથ્વી તેમાં હોમવાની સમિધ છે. અગ્નિ તેનો ધુમાડો છે. રાત્રિ જ્વાળા છે અને ચન્દ્ર અંગારા છે. નક્ષત્રો તણખા છે. આવા અગ્નિમાં દેવો વૃષ્ટિને હોમે છે અને તેમાંથી અન્ન ઉત્પન્ન થાય છે. આમ, લગભગ અઢાર જેટલી ટીકાઓ જેના ઉપર લખાયેલી છે તેવું આ ઉપનિષદ્ વિશ્વપ્રસિદ્ધ બન્યું છે. જેના લીથે તેનું બૃહદારણ્યક એવું નામ પણ યથાર્થ બન્યું છે.

**(૧૧) મૈત્રાયણી ઉપનિષદ્ :**

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી શાખાનું છે. ગદ્યશૈલીમાં રચાયેલું આ ઉપનિષદ્ મુખ્ય દસ ઉપનિષદો પછી રચાયું હસે એમ મનાય છે. તેમાં પંચમહાભૂતો, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સહિત સાંખ્યના પચ્ચીસ તત્ત્વોની વિગતે વાત કરવામાં આવી છે. વળી સાથે-સાથે યોગદર્શનના સિદ્ધાન્તોનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. યોગના મુખ્ય અંગો ઉપરાન્ત હઠયોગનું પણ નિરૂપણ જોવા મળે છે. આ હઠયોગ સમ્બન્ધી નિરૂપણને ધ્યાનમાં લેતાં વિદ્વાનો આ ઉપનિષદ્‌ને પાછળના સમયમાં રચાયું હશે એવું માનવા પ્રેરાયા હશે. એકંદરે સાંખ્ય અને યોગના વિષયવસ્તુવાળું આ નાનકડું ઉપનિષદ્ છે.

**(૧૨) શ્વેતાશ્વતર ઉપનિષદ્ :**

કૃષ્ણ યજુર્વેદના તૈત્તિરીય આરણ્યકનો ખિલ ભાગ એટલે શ્વેતાશ્વતર ઉપનિષદ્. પોતાના તપના પ્રભાવથી અને પરમેશ્વરની અસીમ કૃપાથી ઋષિ શ્વેતાશ્વતરે બ્રહ્મને જાણ્યું. વળી, પોતાના અનુયાયી ઋષિગણને એ પવિત્ર બ્રહ્મનો ઉપદેશ આપ્યો. આમ, 'જેમની ઇન્દ્રિયો અન્તઃપ્રજ્ઞાથી અત્યન્ત પરિશુદ્ધ છે તે એટલે શ્વેતાશ્વતર' એવો અર્થ પણ આ ઉપનિષદ્ વિશે આપવામાં આવ્યો છે.

તેમાં કુલ છ અધ્યાય અને ૧૧૩ મન્ત્ર છે. ઋષિ શ્વેતાશ્વતર સમજાવે છે કે, આ જગતનું કારણ શું છે. ? અવિરત ચાલતો કાળ, નિયતિ, તેનો સ્વભાવ, મહાભૂતો, પુરુષ કે તે બધાનો સંયોગ ? આમાંનું કશું પણ જગતનું કારણ હોઈ શકે નહીં. માત્ર બ્રહ્મ જ જગતનું કારણ છે. આ કારણબ્રહ્મ ચક્રનેમિ છે જેમાં આ બધું જ પરોવાયેલું છે.

ત્યારબાદ સવિતાદેવ - સૂર્ય આપણાં મન અને બુદ્ધિને પરમ તત્ત્વમાં જોડે છે અને તેમની પ્રેરણાથી જ બ્રહ્મનું સેવન થાય છે, એવું નિરૂપણ અહીં જોવા મળે છે. બ્રહ્મરૂપી નાવથી જગતના બધા ભયકારક પ્રવાહો તરી જવાય છે. પરન્તુ તેના માટે તોફાની અશ્વોને જેમ કુશળ સારથિ કાબુમાં કરે, તેમ મનને કાબુમાં કરીને બ્રહ્મનું ચિંતન કરવાની હિમાયત કરી છે.

આ ઉપનિષદ્‌માં રુદ્રના સ્વરૂપનું નિરૂપણ છે. રુદ્ર એટલે શિવતત્ત્વ જ અક્ષરબ્રહ્મ છે. તે જ પરબ્રહ્મ છે. તેને જાણી લેવાથી બધું જ જાણી જવાય છે. આ જોતાં આ ઉપનિષદ્‌ને શૈવધર્મી કે શિવસમ્બન્ધી ઉપનિષદ્ તરીકે પણ જોવામાં આવ્યું છે. બધા જીવોમાં રહેલા શિવ સર્વગત છે અને તે જ પ્રત્યેકના હૃદયમાં અંગુષ્ઠપ્રમાણથી બિરાજેલા છે. નવદ્વારવાળા આ દેહનો સ્વામી જીવાત્મા છે. જે તેને વશમાં

રાખે છે ઇત્યાદિ વર્ણન પણ અહીં જોવા મળે છે. ટૂંકમાં, ઈશ્વર, જીવાત્મા અને જડપ્રકૃતિ એવાં ત્રણેય તત્ત્વોનું વિગતે નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

### (૧૩) કૌષીતકિ ઉપનિષદ્ :

આ ઉપનિષદ્ ઋગ્વેદ સમ્બન્ધી છે. કૌષીતકિ બ્રાહ્મણનો ત્રીજાથી છઠ્ઠો ભાગ એટલે 'કૌષીતકિ' ઉપનિષદ્. તેમાં કુલ ચાર અધ્યાય છે. અહીં ઉદ્દાલક આરુણિ નામનો શિષ્ય ચિત્ર રાજાને ગુરુરૂપે પ્રશ્ન પૂછે છે કે, મૃત્યુ પછી આત્મા ક્યાં જાય છે ? એ વિશે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં રાજા ચિત્ર દેવયાનમાર્ગ અને પિતૃયાનમાર્ગની વિગતે ચર્ચા કરે છે. જે મનુષ્યો સારા કર્મો કરે છે તે મૃત્યુ પછી બ્રહ્મલોકમાં જાય છે અને બ્રહ્મલીન બને છે. તેનો પુનર્જન્મ હોતો કે થતો નથી. જ્યારે બીજા કેટલાક સ્વર્ગમાં કે નરકમાં જાય છે. વળી, અન્ય કેટલાક મનુષ્યો તો મૃત્યુલોકમાં પુનઃ પુનઃ જન્મ ધારણ કરે છે. આમ, મનુષ્યની ગતિ આ ત્રણ પ્રકારની યોનિમાં થાય છે. અહીં મનુષ્યમાં રહેલા પ્રાણને જ બ્રહ્મ કહેવામાં આવ્યું છે. પ્રાણ જ મુખ્ય છે. મન આ પ્રાણરૂપી બ્રહ્મનું દૂત છે. આંખો તેની રક્ષક બને છે. સાવધાન રહેવાવાળા કાન તેના દ્વારપાળ છે. જ્યારે વાણી તો પ્રાણની દાસી છે. જે પ્રાણની આજ્ઞા મુજબ વ્યવહાર કરે છે. અન્તિમ ચોથા અધ્યાયમાં કાશીરાજ અજાતશત્રુ બલાકિએ પરબ્રહ્મનો મનનીય ઉપદેશ આપ્યો છે. આ પરબ્રહ્મ જ સત્ય અને આખરી તત્ત્વ છે એમ જણાવતાં આ ઉપનિષદ્ ત્યાં પૂર્ણ થાય છે.

= o =




सुभाषिततीर्थम्
दुःखं सदा प्रतिपदं मनुजेन लभ्यम्
शोकस्थलं जगदिदं खलु तापजन्यम् ।
तज्जीवनं निगदितं हसनं पुरस्ता-
दाक्रन्दनं रहसि नित्यमिदं तवास्तु।।२।।
मनुष्य को सदा प्रत्येक स्थल पर दुःख मिलने हैं क्योंकि यह संसार
संतापजन्य दुःखालय है । जहाँ तुम्हारा हंसना सब के सामने हो और रोना
एकांत में हो इसी का नाम जीवन है ।।
માણસને હંમેશા દરેક જગ્યાએ દુઃખો મળવાનાં છે, કારણકે આ જગત
દુઃખાલય, તાપજન્ય છે. જ્યાં તારું હસવાનું જાહેરમાં હોય અને રડવાનું
એકાંતમાં હોય, તેને જ જીવન કહ્યું છે.
डॉ. भवप्रकाशः गांधी डॉ. पङ्कज रावलः



सुभाषिततीर्थम्
प्राणान्वितावधियुताः निवसन्ति लोकाः
पानाशने निवसने क्षपयन्ति कालम् ।
तावज्जगत्वयि रतं नयनेऽतिरम्ये
कः स्थापयेच्छवमिदं गृहकार्यजाते ।।५।।
जब तक प्राण हैं तब तक सभी लोग साथ रहते हैं और भोजन, पान और निवास में समय बिताते हैं । जब तक सुंदर आँखे खुली है तब तक यह जगत् आप में लिप्त है । जगत् के काम पूर्ण होने पर भला कौन मृत शरीर को घर में रखता है ?
શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી બધાં લોકો સાથે રહે છે. અન્ન જળ અને નિવાસમાં સમય વિતાવે છે. જ્યાં સુધી આંખ ખુલ્લી છે, ત્યાં સુધી સંબંધ છે આ જગતને તારી સાથે, કાર્ય પૂર્ણ થઈ જાય પછી કોણ મૃત શરીરને ઘરમાં રાખે છે?
डॉ. भावप्रकाशः गांधी डॉ. पङ्कज रावलः


सुभाषितवीथी
शक्यं न किञ्चित् प्रकृतेः कदापि
व्यापारमार्गे परिवर्तनं स्यात्।
एकोऽस्ति मार्गः परिवर्तनाय
कृतौ स्वकीये परिवर्तनं हि।।२६।।
प्रकृति के नियम मार्ग में कभी भी कोई परिवर्तन शक्य नहीं है ; परिवर्तन के लिए एक ही मार्ग है और वह है अपने में और अपने कर्मों में परिवर्तन ।।
પ્રકૃતિનાં નિયમમાં કોઈ પણ રીતે પરિવર્તન કરવું શક્ય નથી, પરિવર્તન માટે એક જ માર્ગ સંભવ છે અને એ છે, પોતાનામાં અને પોતાના કર્મમાં પરિવર્તન.
डॉ. भावप्रकाशः गांधी डॉ. पङ्कज रावलः




 ISSN : 2249 - 9369


अभिनवसुभाषितावलिः
जगदीश ममैवास्ति जीवनं दुग्धसागरम्।
नित्यं मथनान्नीतं नवनीतं नवं नवम् ॥५९॥
हे परमेश्वर ! मेरा जीवन दुध के समुद्र की तरह है इसे जितना
मथता हुं उतना ही नया नया मक्खन मिलता है ॥५९॥
હે પરમેશ્વર ! મારું જીવન દુધના દરિયાની માફક છે , આને જેટલું મથું છું
તેટલું જ નવું માખણ મળે છે. (૫૯)
डॉ. भावप्रकाश गांधी - डॉ. पंकज रावल


अभिनवसुभाषितावलिः
साफल्ये भौतिके चैव जयो नैव हि जीवने।
सर्वपक्षजयैरेव जीवने परिपूर्णता ।।७४।।
जीवन की जीत केवल भौतिक सफलताओं में नही बल्कि जीवन के हर पहलू को पूर्णता से जीने में है ॥७४॥
જીવનની જીત માત્ર ભૌતિક સફળતાઓમાં જ નથી પણ જીવનના દરેક પાસાને પૂર્ણરૂપેથી જીવવામાં છે. (૭૪)
डॉ. भावप्रकाश गांधी - डॉ. पंकज रावल


अभिनवसुभाषितावलिः
वात्सल्यपूर्णास्तु भवन्ति वार्ताः
निर्वेशभावा हृदि सन्निविष्टाः।
दिनानि यान्ति प्रणयेन कष्टै-
रब्ध्युर्मिवज्जीवनमस्ति लोके।।७८।।
इस लोक में कुछ वात्सल्य से सभर बाते हैं तो कुछ वेदनाएँ भी हृदय
में भरी हुई हैं। इस तरह दिवस प्रेम से और कष्टों से बीतते जाते हैं,
यह मानव जीवन भी समुद्र में उठने वाले ज्वार भाटे के समान है ।।
આ લોકમાં કેટલીયે વાત્સલ્ય પૂર્ણ વાતો છે, તો કેટલીયે વેદનાનો
હૃદયમાં સંગ્રહ પણ છે, દિવસો પ્રણય અને કષ્ટોથી વિતતા જાય છે,
માનવ જીવન પણ સમુદ્ર જેવું ભરતી અને ઓટ વાળું છે.
डॉ. पङ्कज रावलः डॉ. भावप्रकाशः गांधी


अभिनवसुभाषितावलिः
क्षणे नैव भवेज्जातु जीवनं परिवर्तितम् ।
क्षणे कृतो विचारस्तु तत्सर्वं परिवर्तयेत् ॥९२॥
इक मिनट में जिन्दगी नहीं बदल सकती पर इक मिनट सोच कर लिया
हुआ फैसला पूरी जिंदगी बदल देता है ॥९२॥
એક મિનટમાં જિંદગી બદલી શકાતી નથી પણ એક મિનટ વિચારીને લીધેલો સાચો નિર્ણય
આખી જિંદગી બદલી શકે છે. (૯૨)
डॉ. भावप्रकाश गांधी - डॉ. पंकज रावल




 ISSN : 2249 - 9369



अभिनवसुभाषितावलिः - २
परितोषं विनाऽवाप्तिः सुमानि सुरभिं विना ।
ध्येयं विना वृथा कर्म विनाऽमोदं हि जीवनम् ।।६०।।
संतोष के बिना प्राप्ति, सुगंध के बिना पुष्प, ध्येय के बिना कर्म
और प्रसन्नता के बिना जीवन व्यर्थ है ।।
સંતોષ વિનાની પ્રાપ્તિ, સુરભી વિનાનું પુષ્પ, ધ્યેય વિનાનું કર્મ અને આનંદ
વિનાનું જીવન વ્યર્થ છે.
- डॉ. पंकज रावल



अभिनवसुभाषितावलिः - 2
जीवनं कण्टकाकीर्णमुत्साहेन पथि व्रजेत् ।
निर्मान्ति ये नवं मार्गं ते पान्थाः सफलाः भुवि ॥८४॥
जीवन का मार्ग कांटो से घिरा हुआ है, मनुष्य को उस मार्ग पर
उत्साह से चलना चाहिए। उसमें भी जो नया प्रशस्त मार्ग बनाते हैं
वह पथिक संसार में सफल कहलाते हैं ॥
જીવનનો માર્ગ કાંટાઓથી પથરાયેલો છે, મનુષ્યએ એ માર્ગ ઉપર ઉત્સાહ
પૂર્વક ચાલવું જોઈએ. એવી પરિસ્થિતિમાં પણ જે લોકો નવો પ્રશસ્ત માર્ગ
તૈયાર કરે છે, એ પથિક આ સંસારમાં સફળ કહેવાય છે.
डॉ. पंकज रावल डॉ. भावप्रकाश गांधी



अभिनवसुभाषितावलिः - २
जीवनं सफलं कर्तुं मनस्ते सुदृढं भवेत्।
हृदयं सरलं पूतं जिह्वा च मधुरा सदा ।।१००।।
जीवन को सफल बनाने के लिए तीन उपाय हैं । मन सुदृढ, हृदय सरल
तथा पवित्र और जीभ सदा मधुर होनी चाहिए ।।




 ISSN : 2249 - 9369


अभिनवसुभाषितावलिः-३
शिष्टाः विचाराः सुमिष्टास्तरङ्गाः
विस्मारयन्ति व्रणिनः प्रसङ्गान्।
न मन्यस्व तान् सौख्यपूर्णान् विचारान्
ह्यधीये विधातुः सुलेखान् विचिन्त्य॥८०॥
सुंदर विचार और मधुर तरंग जीवन के दुःख देनेवाले प्रसंगों को
भूला देते हैं । उसे आप अपने सुखमय विचार न मानिए, मैं
उसको विधाता के लिखे सुलेख सोचकर पढ़ता हूं ॥
મધુરા વિચારો, રૂપાળા તરંગો, ભુલાવે છે જીવનના દુઃખમય પ્રસંગો.
તમે તેને સુખનાં વિચારો ન માનો. હું વાંચું છું કિસ્મતના લેખો સુધારી.
डॉ. पङ्कज रावलः डॉ. भावप्रकाशः गांधी

# સંગઠનનો વેદોક્ત ઉપાય

પ્રો. ડૉ. કમલેશકુમાર છ. ચોકસી
અધ્યક્ષ, ભાષાસાહિત્યભવન અને અધ્ય, સંસ્કૃતવિભાગ, ભાષાસાહિત્યભવન, ગુજ. યુનિવર્સિટી અમદાવાદ

૦.૧. સંસારમાં જે કોઈ વસ્તુ છે, તે સર્વ વસ્તુ સંગઠિત છે. ખુરશી જેવી ખુરશી પણ એક રીતે તો સંગઠિત વસ્તુ જ છે. તેમાં પાયા, પીઠ, આસન જેવા અનેક જુદી જુદી વસ્તુઓનું સંગઠન છે. કાર જેવી કાર પણ અનેક અવયવોનું એક પ્રકારે સંગઠન જ છે. જેમાં પૈડા, દરવાજા, સ્ટેયરિંગ, સીટ, બોનેટ, ચેસીસ વગેરે અનેક વસ્તુઓ સંગઠિત થઈ છે, ત્યારે આ કાર નામથી પ્રસિદ્ધ વસ્તુનું અસ્તિત્વ થયું છે. એવી જ રીતે ઘર હોય કે ઘરમાં રહેલા સોફા, પલંગ, પથારી, કબાટ બધું જ કોઈને કોઈ રીતે સંગઠિત જ છે.

૦.૨. સંસારમાં દેખાતું સંગઠન ત્રણ પ્રકારનું છે. એક પ્રકારનું સંગઠન પશુ-પક્ષી કે પ્રાણી દ્વારા કરવામાં આવેલું છે. બીજા પ્રકારનું સંગઠન માણસ દ્વારા કરવામાં આવેલું છે અને ત્રીજાપ્રકારનું સંગઠન ઈશ્વરે કરેલું છે. જે લોકો ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર નથી કરતા, તેમના મતે આ ત્રીજા પ્રકારનું સંગઠન પ્રકૃતિએ કરેલું છે. જેમ કે — કબૂતર કે સુઘરીના માળામાં તણખલાઓનું માળાના રૂપમાં જે સંગઠન થયું છે, તે પક્ષી દ્વારા થયું છે. એવી જ રીતે મકાનના રૂપમાં, પલંગના રૂપમાં, મોટરગાડી, બસ કે ખટારાના રૂપમાં જે વસ્તુ દેખાય છે, તેમાં થયેલું અનેક વસ્તુઓનું સંગઠન માનવ દ્વારા થયું છે. એ પછી ઝાડ, પર્વત, પૃથ્વી પત્થર વગેરે પદાર્થોમાં જે જુદી જુદી વસ્તુઓનું સંગઠન છે, તે ઈશ્વર દ્વારા કરવામાં આવ્યું છે.

૦.૨.૧. પશુ-પક્ષી કે પ્રાણી દ્વારા જેમનું સંગઠન કરવામાં આવ્યું છે, તેવા પદાર્થોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. એ પછી માનવ દ્વારા જેમનું સંગઠન કરવામાં આવ્યું છે, તેવા પદાર્થોની સંખ્યા થોડી વધારે છે. જ્યારે ઈશ્વર દ્વારા જેમનું સંગઠન કરવામાં આવ્યું છે, તેવા પદાર્થોની સંખ્યા પ્રમાણમાં સૌથી વધારે છે.

આમ સંસારમાં દેખાતા બધા જ પદાર્થો સંગઠિત છે, અને તેમને સંગઠિત કરનાર પરિબળ પશુ-પક્ષી, માણસ અને ઈશ્વર એમ ત્રણ છે.

૦.૩. જગતમાં દેખાતા પદાર્થોના સંગઠનને બે પ્રકારે વ્હેંચી શકાય એમ છે. જેમ કે — (૧) એક જ સરખા પદાર્થોનું પારસ્પરિક સંગઠન અને (૨) એક બીજાથી જુદા જુદા પદાર્થોનું પારસ્પરિક સંગઠન. આ રીતે સંસારમાં સંગઠિત વસ્તુઓ બે પ્રકારે વિભાજિત કરીને જોઈ શકાય છે.

દા. ત. એક બાજુ અનેક ખુરશીઓ ભેગી થઈને ખુરશીઓનું સંગઠન બની શકે છે. અનેક કાગળ ભેગા થઈને કાગળવું સંગઠન બની શકે છે. એવી જ રીતે ફળો, પાંદડાઓ, પત્થરો વગેરે એક સરખા પદાર્થોનું પારસ્પરિક સંગઠન થઈ શકે છે. જ્યારે ખુરશી, ટેબલ, પલંગ, પથારી, કબાટ વગેરે જુદી જવદી વસ્તુઓનું સંગઠન થઈને રૂપ કે ઓરડા તરીકેનું સંગઠન બની શકે છે. એવી જ રીતે કાર, બસ કે ખટારામાં એક બીજા કરતાં જુદી જુદી વસ્તુઓ સંગઠિત થયેલી જોઈ શકાય છે.

આ રીતે સંસારમાં જેટલી પણ વસ્તુઓ છે, તે પારસ્પરિક રીતે સરખી વસ્તુઓનું સંગઠન છે કાંતો પારસ્પરિક રીતે જુદી જુદી અનેક વસ્તુઓનું સંગઠન છે.

૦.૪. જગતમાં એક બીજાથી જુદી જુદી વસ્તુઓનું જે સંગઠન સંભવતિ છે, તેના બે પ્રકાર વિચારી

શકાય એમ છે. તેમાં એક સંગઠન શક્ય કોટિનું છે, તો બીજું સંગઠન અશક્ય કોટિનું છે. જેમ કે — દૂધ, પાણી, સાકરનું સંભવિત સંગઠન શક્ય કોટિનું સંગઠન છે. આ શક્ય કોટિનું સંગઠન છે, એટલે જ કોઈ એક પાત્રમાં દૂધ, પાણી અને સાકર સંગઠિત થયેલાં જોઈ શકાય છે. પરન્તુ પાણી અને તેલનું સંભવિત સંગઠન અશક્ય કોટિનું છે. કોઈ એક પાત્રમાં આ બંને પદાર્થોને મૂકીને સંગઠિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે, તો એ પ્રયત્ન થકી પાણી અને તેલનું સંગઠન શક્ય બનતું નથી. (કોઈ વિશેષ સંદર્ભે, કોઈ વિશેષ ઉપાય, સાધન કે યંત્ર થકી આ બંનેનું સંગઠન કરી શકાય, તો તે અલગ વાત છે.)

સંસારમાં સાર્વત્રિક રીતે દેખાતા સંગઠનનું આ સંક્ષિપ્ત પરન્તુ સકલતાપૂર્ણ વિવરણ છે. આ વિવરણની પૃષ્ઠભૂમિ ઉપર હવે આપણે આગળનો વિચાર કરીશું.

૧.૦. ઉપર જણાવેલા ત્રિવિધ સંગઠનના કારકો - પશુ-પક્ષી, માણસ અને ઈશ્વર - માંથી અહીં માણસ દ્વારા કરવામાં આવતા સંગઠનને જ દૃષ્ટિ સમક્ષ રાખીશું. અને તે સંદર્ભે કેટલુંક તારણ કાઢવાનો ઉપક્રમ કરીશું.

૧.૧. માણસ દ્વારા એક જ સરખી બધી જ વસ્તુઓનું જે સંગઠન શક્ય બને છે, તે માટે મોટે ભાગે (૧) ખીલી કે દોરી, (૨) ગુંદર અને (૩) અગ્નિનો સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે. કહેવાનો આશય એટલો કે માણસ દ્વારા પદાર્થોનું જે સંગઠન રચાય છે, તેમાં સાધન તરીકે ત્રિવિધ પદાર્થનો સહયોગ લેવાનો રહે છે. એ સિવાય માણસ પદાર્થોનું સંગઠન ઊભું કરી શકતો નથી.

આમ માણસ દ્વારા વિવિધ પદાર્થોનું શક્ય કોટિનું જે સંગઠન કરાય છે, તે ખીલી કે દોરી, ગુંદર અને અગ્નિ થકી જ શક્ય બને છે.

માણસ દ્વારા ઉપર્યુક્ત ત્રણ પ્રકારના પદાર્થથી જે સંગઠન કરવામાં આવે છે, તે સંગઠનની પ્રક્રિયામાં ઊંડે ઊંડે એક અતીવ મહત્ત્વનું તથ્ય નિહિત છે. એ તથ્ય તરફ કદાચિત્ આપણું ધ્યાન જતું નથી. આજે અહીં અમારે એ તથ્ય તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવાનું છે, અને તે પછી એ તથ્યને વેદમાં માનવીય સંગઠન માટે કેવી રીતે ઉપદેશ્યું છે, તેની સમજ આપવી છે. આમ આજનો અમારો ઉપક્રમ ભૌતિક જગત તરફથી વેદ તરફ જવાનો છે.

સામાન્ય રીતે વેદથી ભૌતિક જગત તરફ આવવાનું લોકો વધારે પસંદ કરતા હોય છે. પણ જેમ વેદથી ભૌતિક જગત તરફ આવી શકાય છે. તેમ ભૌતિક જગતથી વેદ તરફ પણ જઈ શકાય એમ છે. જરૂર જણાય ત્યાં આ બંને પદ્ધતિ ઉચિત ઠરે છે.

૧.૨. માનો કે લાકડાના બે જુદા જુદા ટૂકડા છે. તેમને માણસ જ્યારે સંગઠિત કરવાનો ઉપક્રમ કરે છે, ત્યારે માણસ ખીલીનો ઉપયોગ કરે છે. લાકડાના બે ટૂકડાને ભેગા કરીને તેમાં હથોડીની મદદથી ખીલીને ખૂંપી દે છે. જેવી ખીલી પેલા લાકડાના બંને ટૂકડાઓમાં પ્રવેશી જાય છે, કે તરત જુદા જુદા બે લાકડાનું સંગઠન થઈ જાય છે. પહેલાં લાકડાના જે બે જુદા જુદા ટૂકડા હતા, તે હવે સંગઠિત થઈને એક બની જાય છે.

એવી જ રીતે કાગળવા અનેક ટૂકડાઓને દોરીથી બાંધીને સંગઠિત કરી શકાય છે. કાગળનું આ સંગઠન પણ માણસ દ્વારા કરવામાં આવે છે.

અહીં એ વાત તરફ ધ્યાન કરવા જેવું છે કે ખીલી કે દોરી થકી માનવ દ્વારા કરવામાં આવતા સંગઠનમાં, સંગઠિત થનાર વસ્તુ અને સંગઠિત કરનાવ વસ્તુ વચ્ચે અહિંસાનો ભાવ રહે, તે જરૂરી છે. ઘણી વાર એવું બને છે કે લાકડાના બે ટૂકડાને જ્યારે ખીલીથી સંગઠિત કરવાનો ઉપક્રમ હાથ ધરાય છે, ત્યારે ક્યારેક લાકડાના

ટૂકડા ફાટી જતા હોય છે. બે ચાર કાગળને ભેગા કરવા માટે એટલે કે સંગઠિત કરવા માટે ક્યારેક ટાંકણી વાપરીએ છીએ, ત્યારે જો ટાંકણી હિંસક બને, તો પેલા કાગળનો વિનાશ વેરતી હોય છે. કાગળને ફાડી નાખે છે. આમ જે ખીલીથી લાકડાના ટૂકડાઓનું અને જે ટાંકણીથી કાગળનું સંગઠન કરવાનું હતું, તે જ ખીલી અને ટાંકણી લાકડાના ટૂકડા અને કાગળને વિગઠિત કરી દે છે. આ વિગઠન છેવટે તો બંનેના અસ્તિત્વનો જ નાશ કરી દે છે. આ સ્થિતિમાં ખીલી કે ટાંકણી અહિંસક રહે, તેવાં હોય એ જરૂરી બની જાય છે.

આવી જ સ્થિતિ દોરી દ્વારા કરાતા સંગઠનમાં પણ જોઈ શકાય છે. સિલાઈ કરીને જે સોય કાપડના જુદા જુદા ટૂકડાઓને સંગઠિત કરી આપે છે, તે જ સોય જ્યારે હિંસક બનીને વર્તે છે, ત્યારે કાપડનું સંગઠન કરવાને બદલે કાપડનું વિગઠન કરી દે છે. એ કારણથી જ કાપડના બે ટૂકડાઓને સોયથી જે જગ્યાએ સીવવામાં આવે છે, તે જ જગ્યાએથી કપડૂં ફાટી જતું હોય છે. આમ સોયની અહિંસકતાથી કપડું સંધાય છે, અને હિંસકતાથી કપડું ફાટી જાય છે. અહીં કપડાનું સંધાવું એ સંગઠન છે, જ્યારે ફાટી જવું એ વિગઠન છે, એમ કહેવાની ભાગ્ય જ જરૂર છે !

આ ઉપરથી એ બાબત ધ્યાન ઉપર આવે છે કે માનવ દ્વારા કરતા બે કે બે કરતાં વધુ વસ્તુઓનું સંગઠનનાં કાર્યમાં સંગઠિત થનાર અને સંગઠિત કરનાર બંનેની વચ્ચે અહિંસાનો ભાવ હોવો અતીવ આવશ્યક છે. ભૌતિક જગતમાં ઘટતી આ ઘટનાને સતત દૃષ્ટિ સમક્ષ રાખીશું અને માનવ દ્વારા કરાતા સંગઠનનાં કાર્યમાં અહિંસાભાવની અતીવ આવશ્યકતા રહેલી છે, તે વાતને આપણે ધ્યાનમાં રાખીશું.

काष्ठखण्डेषु प्रविष्टाः कीलाः सन्तु सदाहिंसकाः ।
तदा शक्यं भवत्यत्र वस्तुसंगठनमिह ॥१॥

અર્થાત્ કાષ્ઠના ટૂકડાઓમાં (સંગઠન કરવા માટે) પ્રવેશતી ખીલીઓ હમેશા અહિંસક રહે, તો જ ત્યાં વસ્તુનું એટલે કે કાષ્ઠનું સંગઠન શક્ય બને છે.

प्रविष्टा कीलिका यत्र समाचरति हिंसनम् ।
तदा शक्यं भवत्यत्र वस्तुसंगठनमिह ॥२॥

પરન્તુ કાષ્ઠના ટૂકડાઓમાં (સંગઠન કરવા માટે) પ્રવેશતી ખીલી હિંસાનું આચરણ કરે, તો ત્યાં વસ્તુનું એટલે કે કાષ્ઠનું સંગઠન શક્ય બની શકતું નથી.

तथैव येन सूत्रेण पत्राणि बध्यते त्वया ।
सूत्रं करोति यदि हिंसा तदा ग्रन्थो विनश्यति ॥३॥

એવી જ રીતે જે દોરીથી તમે (ગ્રન્થના) પાનાઓ બાંધો છો, તે દોરો (સૂત્ર) જ જો હિંસા કરે, તો ગ્રન્થ નષ્ટ થઈ જાય છે.

अतः कीलं च सूत्रं च सर्वथाहिंसकं भवेत् ।
संगठनं पदार्थस्य तदा भवति सुखदम् ॥४॥

એટલા માટે ખીલી અને દોરો સર્વથા અહિંસક હોય, તે જ (માનવ દ્વારા કરાતું) પદાર્થનું સંગઠન સુખ આપનારું બની રહે છે.

૧.૩. હવે જરા માનવ દ્વારા ગુંદર થકી કરાતા સંગઠનના વિષયમાં થોડો વિચાર કરીએ.

ગુંદર કે ગુંદર જેવી કોઈ ચીકણી વસ્તુ જ્યારે બે કે બે કરતા વધારે વસ્તુઓનું સંગઠન કરી આપે છે,

ત્યારે ત્યાં પારસ્પરિક દાનનો ભાવ જરૂરી બની રહે છે. જેમ કે જુદા જુદા બે કાગળ પરસ્પર જોડવા હોય, બંનેનું સંગઠન કરવું હોય, તો માણસ ગુંદરનો પ્રયોગ કરે છે. હવે જો આ ગુંદર પોતાની અંદર રહેલી ચીકાશ નામની શક્તિને પેલા કાગળવા ટૂકડાઓમાં આપે નહીં, અથવા તો કાગળવા બે ટૂકડા તેનો સ્વીકાર કરે નહીં, તો કાગળના બે ટૂકડાઓનું સંગઠન ક્યારેય શક્ય બનતું નથી. કાગળના બે ટૂકડા ક્યારેય એક થઈ શકતા નથી.

વ્યાવહારિક જગતમાં આપણા સહુનો અનુભવ છે કે પ્લાસ્ટીકની કોથળી ઉપર બાવળના કે લીંબડાના ગુંદરથી કાગળવે ચોંટાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે એ પ્રયત્ન સફળ થઈ શકતો નથી. કેમ કે આ ગુંદરની પાસે જે ચીકાશ હોય છે, તેને ગુંદર આપવા ઈચ્છતો હોય, તો પણ પેલી પ્લાસ્ટીકની કોથળી એ ચીકાશને લેવા માટે કે સ્વીકારવા માટે તૈયાર હોતી નહીં. પરિણઆમે કાગળ અને પ્લાસ્ટીકની કોથળીનું સંગઠન શક્ય બની શકતું નથી.

પરન્તુ જ્યારે સરેશ કે એવા જ બીજા કોઈ અન્ય ગમની મદદથી પેલી પ્લાસ્ટીકની કોથળી પર કાગળવા ટૂકડાને (માનો કે સ્ટીકરને) ચોંટાડવાનો પ્રયત્ન કરવામાં આવે, ત્યારે પેલી પ્લાસ્ટીકની કોથળી કાગળના ટૂકડા ઉપરના ગમનો સ્વીકાર કરી લે છે, એને તેને પરિણામે બંનેનું સંગઠન શક્ય બને છે. અહીં શક્ય બનનારા સંગઠનમાં પરસ્પર આપ-લેની ક્રિયા થતી હોય છે. ગમ સાથેનું સ્ટીકર જ્યારે કોઈ કાગળવી સાથે ચોંટાડવામાં આવે છે, ત્યારે સ્ટીકરમાં રહેલા ગમને કાગળ સ્વીકારી લેતો હોય છે. આથી જ અહીં બે વસ્તુના જોડાણની, સંગઠનની શક્યતા બને છે.

एकीकर्तुं यदि कश्चित् कर्गलं कर्गलेन सह ।
निर्यासस्य प्रयोगेण यतते यत्नतो यदा ॥१॥

નિર્યાસિ એટલે કે ગુંદરનો પ્રયોગ કરીને કોઈ વ્યક્તિ કાગળને કાગળની સાથે પ્રયત્ન પૂર્વક જે એકીકરણ કરવા માટે પ્રયત્ન કરે છે,

आदानं च प्रदानं च उभयोरिष्यते तदा ।
तदभावे हि निर्यासः नैक्यं साधयति क्वचित् ॥२॥

एकस्मिन् कर्गले खण्डे स्थिताः निर्यासबिन्दवः । द्वितीयं नाभिगच्छन्ति यद्यपरे द्वितीयं न गच्छन्ति कर्गले खण्डं गणः दानस्येच्छा प्रवर्तते । न निर्यासेन खण्डे

ટૂંકમાં ગુંદર થકી સંગઠિત થનાર વસ્તુઓના સંદર્ભે સંગઠિત થનાર અને સંગઠિત કરનાર બંને પદાર્થો વચ્ચે ગમની આપ-લે થતી જોવા મળે છે. ગુંદર કે એવી જ કોઈ વસ્તુ દ્વારા માનવ જ્યારે બે વસ્તુઓનું સંગઠન કરે છે, ત્યારે ત્યાં આ પ્રકારની દાનની ભાવના હોવી ખૂબ જ જરૂરી થઈ પડે છે. જો આ પ્રકારની દાનની ભાવના ન હોય, તો માનવ દ્વારા કરાતું પદાર્થોનું પારસ્પરિક સંગઠન ક્યારેય શક્ય બની શકતું નથી.

काष्ठं वा यदि वा पत्रं भवतु संगठितं सदा ।
गुंदरस्य प्रयोगेण फलति इच्छास्ति यदि ते मित्र ॥

૧.૪. એવી જી રીતે માનવ દ્વારા માનવ દ્વારા કરાતા સંગઠનનાં કાર્યમાં અગ્નિ પણ સાધન તરીકે વપરાય છે. લોખંડનો જુદો જુદો આકાર ધરાવતા નાના મોટા અનેક ટૂકડાઓનું સંગઠન ખીલી, દોરીથી કે ગુંદર જેવી ચીકણી વસ્તુથી ક્યારેય શક્ય બનતું નથી. આ પ્રકારના વિખરાયેલા ટૂકડાઓને સંગઠિત કરવા માટે માણસે અગ્નિનો સહયોગ લેવો પડે છે. સળગતી ભઠ્ઠીમાં માટીના વાસણમાં આવા ટૂકડાઓને મૂકવામાં આવે

છે. એ પછી પ્રચંડ થઈને અગ્નિ આ ટૂકડાઓને પીગળાવી દે છે. આગ્નિ દ્વારા સંપન્ન થતી પીગળાવવાની આ ક્રિયામાં જો ક્યારેક એક સાથે લાકડા અને લોઢું, કૂપર અને કાચ, ખાંડ અને મીઠું, અને ક્યારેક તો વળી આ બધું જ ભેગું એક સાથે પધરાવી દેવામાં આવે, તો પણ (જે તે વસ્તુને જાણી, તે મુજબનો વ્યવહાર કરીને) અગ્નિ લોઢાના ટૂકડાઓનું સંગઠન કરી જ આપે છે.

કહેવાનો આશય એ છે કે સંગઠન માટે અગ્નિમાં પધરાવેલા પદાર્થોને અગ્નિ પહેલાં જાઈ લે છે, અને તે પછી જે વસ્તુ જેવી તેની સાથે તેવો વ્યવહાર કરીને સંગઠન કરી આપે છે. તમે અગ્નિમાં લાકડા અને લોઢાને, કૂપર અને કાચને, ખાંડ અને મીઠાને મૂકો તે અગ્નિ તેમને તરત જ ઓળખી લે છે, ઓળખાયેલી વસ્તુ સાથેનો ઘટતો વ્યવહાર કરી લે છે. લોખંડના ટૂકડા સાથે કપૂર હોય, તો બંનેને ઓળખી લઈને કપૂરને સળગાવી મૂકે છે, અને લોખંડને પીઘળાવવાનો ઉપક્રમ આદરે છે.

આમ અગ્નિ દ્વારા થતા સંગઠનમાં સંગઠન કરનારા અગ્નિમાં જો પદાર્થોને ઓળખ કરવાની અને ઓળખને અનુસરીને વ્યવહાર કરવાની યોગ્યતા ન હોય, તો માણસ દ્વારા અગ્નિની સહાયતાથી લોખંડ જેવી વિવિધ ધાતુઓના ટૂકડાઓનું સંગઠન થઈ શકતું નથી.

આ ઉપરથી જણાય છે કે સંગઠન કરનારે જેનું સંગઠન કરવાનું છે, તે પદાર્થને જાણી લેવાનો રહે છે. તે સિવાય સંગઠન શક્ય બનતું નથી.

વળી, અગ્નિ દ્વારા થતા આ સંગઠન કાર્યમાં પ્રથમ પદાર્થોનું જ્ઞાન અને એ જ્ઞાનનાં આધારે પ્રવાહીપણું અને પ્રવાહીપણા પછી નક્કી કરેલા કોઈ એક બીબામાં ઢાળવાની ક્રિયા - એમ એક ચોક્કસ પદ્ધતિ રહેલી છે. આ ઉપરથી સૂચિત થાય છે કે જો કોઈ માનવ માનવ વચ્ચે સંગઠન કરવા ધારતું હોય, તો તેણે સંગઠિત થનાર માનવને કે માનવ સમૂહને પ્રથમ તો જાણવો પડે, તે પછી તેને વિદ્યા વગેરેથી વિનમ્ર બનાવવો પડે, અને તે પછી ચોક્કસ બીબામાં ઢાળવો પડે, તો જ માનવ માનવનું સંગઠન શક્ય બની શકે છે.

૧.૫. ભૌતિક જગતમાં માનવ દ્વારા કરાતા વિવિધ પદાર્થોના સંગઠનની આ વૈજ્ઞાનિક પ્રક્રિયાનું વર્ણન વેદમાં કંઈક આ રીતે થયું છે —

स्वस्ति पन्थामनुचरेम सूर्याचन्द्रमसाविव ।
पुनर्ददताघ्नता जानता संगमेमहि ॥ ऋग्वेद ५.५१.१५

મન્ત્રાર્થ — (सूर्याचन्द्रमसाविव) સૂર્ય અને ચન્દ્રની જેમ અમે સહુ (स्वस्ति पन्थाम्) કલ્યાણકારક માર્ગનું (अनुचरेम) અનુચરણ કરીએ, અનુસરણ કરીએ. અને (पुनः) એ પછી (ददता) (પરસ્પર એક બીજાને) દાન આપતા રહી (અને લેતા રહી)ને, (अघ्नता) ઘાત-પાત ન કરતા રહીને, અહિંસક રહીને અને (जानता) (એક બીજાને) જાણતા રહીને, એક બીજાને જાણી શકે એવા જ્ઞાની સજ્જનોની સાથે રહીને (संगमेमही) સંગતિ કરીએ, સંગઠિત થઈએ.

વેદના આ મન્ત્રનું મનન કરતાં કરતાં માનવ માનવની વચ્ચે સંગઠન ઊભું કરવાનાં ત્રણ સૂત્ર તરી આવે છે — (૧) એક બીજાને આપતા રહેવું અને એક બીજા પાસેથી લેતા રહેવું. (૨) એક બીજા પ્રત્યે (તનથી કે મનથી) ક્યારેય હિંસાનો ભાવ ન રાખવો અને (૩) એક બીજાને જાણતા પિચાણતા રહેવું, માણસને જાણીને તેની સાથ જ યોગ્ય હોય, તેવો વ્યવહાર કરતા રહેવું — જો આટલું દરેક માનવ કરતો રહે, તો એક એવું માનવીય સંગઠન ઊભું થઈ શકે છે, જેમાં ક્યારેય વિગઠનની શક્યતા રહેતી નથી. ॥ ઇતિ શમ્ ॥

# બહુજનહિતાય છાત્રવિદિતાય પ્રશ્નમંજૂષા

ડૉ.મહેશકુમાર એ. પટેલ
સરકારી વિનિયન કૉલેજ, ગાંધીનગર

## પંચતન્ત્રના હેતુલક્ષી અને બહુવૈકલ્પિક પ્રશ્નો :
## પંચતન્ત્ર-કૃતિ અને કવિ વિષયક પ્રશ્નો

(૧) પંચતંત્રના રચયિતાનું નામ શું છે ?
જ. (૧) (૨) (૩) (૪)
(૨) પંચતંત્ર કયા રાજાના ત્રણ મૂર્ખ પુત્રોને જ્ઞાન આપવા રચાયું હતું ?
જ. (૧) સુદર્શનસિંહ (૨) **અમરસિંહ** (૩) મહેન્દ્રપ્રતાપ (૪) ચતુરસિંહ
(૩) પંચતંત્રમાં કુલ કેટલા તંત્ર છે ?
જ. (૧) બે (૨) ત્રણ (૩) **પાંચ** (૪) ચાર
(૪) પંચતંત્રનો પ્રથમ તરજૂમો - અનુવાદ કઈ ભાષામાં થયો હતો ?
જ. (૧) ઉર્દૂ (૨) હિબ્રૂ (૩) સંસ્કૃત (૪) **પહેલવી**
(૫) પંડિત વિષ્ણુશર્મા અન રાજા (અમરસિંહ) કયા દેશમાં રહેતા હતા ?
જ. **મહિલારોપ્ય**
(૬) રાજા અમરસિંહના ત્રણ અબુધ કુમારોનાં નામ જણાવો ?
જ. **(૧) વસુશક્તિ (૨) ઉગ્રશક્તિ (૩) કનકશક્તિ**
(૭) પંચતંત્રની ઉપદેશાત્મક કથાઓની મુખ્ય વિશેષતા શું છે ?
જ. **નૈતિક અને વ્યવહારિક બોધ**
(૮) અમરશક્તિના ત્રણ કુમારોને શું શીખવવા વિષ્ણુ શર્માએ પંચતંત્રની રચના કરી હતી ?
જ. (૧) **રાજનીતિ** (૨) સંસ્કૃતભાષા (૩) વેપાર (૪) કાવ્યરચના
(૯) 'પંચતંત્ર' શબ્દમાં 'તંત્ર' નો અર્થ શો ?
જ. **વિભાગ**
(૧૦) 'કાકોલૂકીય' પંચતંત્રનું કેટલામું તંત્ર છે ?
જ. (૧) પહેલું (૨) **ત્રીજું** (૩) ચોથું (૪) પાંચમું
(૧૧) પંચતંત્રનાં પાંચેય તંત્રોનો નામ જણાવો ?
જ. **(૧) મિત્રભેદ, (૨) મિત્રપ્રાપ્તિ, (૩) કાકોલૂકીયમ્, (૪) લબ્ધપ્રણાશ, (૫) અપરીક્ષિતકારક**
(૧૨) પંચતંત્ર કઈ શૈલીમાં લખાયેલો ગ્રંથ છે ?
જ. (૧) ગૌડી (૨) પાંચાલી (૩) **વૈદર્ભી** (૪) પૈશાચી

(૧૩) કયા દેશના રાજાએ પંચતંત્રનો સૌ પ્રથમ અનુવાદ કરાવ્યો ?

જ. (૧) ઇરાક (૨) **ઇરાન** (૩) ગાંધાર (૪) મગધ

(૧૪) કયા રાજાએ પંચતંત્રનો સૌ પ્રથમ સંસ્કૃતમાંથી પહેલવી ભાષામાં અનુવાદ કરાવ્યો ?

જ. (૧) બુર્ઝો (૨) અમરસિંહ (૩) **ખુશરૂ નૌશીરવાં** (૪) વિષ્ણુગુપ્ત

(૧૫) પ્રાચીન પાઠ પરંપરાઓની સૂક્ષ્મ તુલના કરી 'પંચતંત્ર'નું શબ્દશઃ પુનઃ કલ્પન અને પુનર્ઘટન કોણે કર્યું હતું ?

જ. **યેલ યુનિવર્સિટીના ડૉ. એગર્ટને**

(૧૬) મૂળ 'પંચતંત્ર' નું રચનાસ્થાન કાશ્મીર હોવાનું સૂચન કયા વિદ્વાને કર્યું હતું ?

જ. (૧) જર્મન વિદ્વાન - ડૉ. હર્ટલે

(૧૭) પંચતંત્રનો રચયિતા તેના આંતરિક પ્રમાણોને જોતાં કયા સંપ્રદાયનો હશે ?

જ. (૧) **હિન્દુ-બ્રાહ્મણ** (૨) બૌદ્ધ-ભિક્ષુક (૩) જૈન-વણિક (૪) કોઈ અન્ય

(૧૮) ઈરાનના સમ્રાટની આજ્ઞાથી કોણે પંચતંત્રનો અનુવાદ કર્યો ?

જ. **તેના વિદ્વાન વૈદ્ય બુર્ઝોએ**

(૧૯) પંચતંત્રનો પહેલવી ભાષામાં અનુવાદ લગભગ કઈ સદીમાં થયેલો મનાય છે ?

જ. (૧) **છઠ્ઠી** (૨) ચોથી (૩) પાંચમી (૪) દસમી

(૨૦) પંચતંત્રનો પહેલવી ભાષામાંથી અરબી ભાષામાં અનુવાદ કોણે કર્યો ?

**ઈબ્નુલ મુકફ્ફાએ**

(૨૧) 'કાકોલૂકીય' નું બીજું નામ શું છે ?

જ. **સંધિ-વિગ્રહ**

(૨૨) વિષ્ણુશર્માએ કેટલા મહિનામાં રાજકુમારોને નીતિનિપુણ કરવા પંચતંત્રની રચના કરી હતી ?

જ. (૧) **છ માસ** (૨) એક વર્ષ (૩) ચાર માસ (૪) નવ માસ

(૨૩) પંચતંત્રમાં જોવા મળતા 'મહિલારોપ્ય' નગરના ઉલ્લેખને આધારે વિદ્વાનો પંચતંત્રને ક્યાંની રચના માને છે ?

જ. (૧) ઉત્તર ભારતની (૨) ઇરાન પ્રદેશની

(૩) **દક્ષિણ ભારતની** (૪) કાશ્મીર પ્રદેશની

(૨૪) પંચતંત્રનો સૌ પ્રથમ અંગ્રેજી અંગ્રેજી અનુવાદ કઈ ભાષા દ્વારા અને કોણે કર્યો ?

જ. **ઈટાલીયન ભાષામાંથી - સર થોમસ નોર્થે કર્યો.**

(૨૫) અકબરના મિત્ર અને 'આઈન ઈ અકબરી'ના રચયિતા અબુલ ફઝલે પંચતંત્રનું કઈ ભાષામાં અને કયા નામે રૂપાંતર કર્યું હતું ?

જ. **અરબી ભાષામાં અને 'ઇયાર ઈ દાનીશ' (તેનો અર્થ 'બુદ્ધિનો કાંટો' થાય છે.)**

(૨૬) જૈનધર્મમાં પંચતંત્રને કયા નામથી ઓળખવામાં આવે છે ?

જ. **પંચાખ્યાન**

(૨૭) 'काकोलूकीय' શબ્દમાં કયો સમાસ રહેલો છે ?
જ. (૧) **द्वन्द्व સમાસ** (૨) કર્મધારય (૩) બહુવ્રીહિ (૪) તત્પુરુષ સમાસ
(૨૮) 'काकोलूकीय' શબ્દની સાચો સમાસ-વિગ્રહ ગયો ?
જ. (૧) काकः एव उलूकः (૨) **काकः च उलूकः च**
(૩) काकश्च उलूकाः (૪) काकस्य तथा उलूकस्य
(૨૯) 'काकोलूकीय' શબ્દની સાચો સમાસ-વિગ્રહ ગયો ?
જ. (૧) **બે** (૨) ચાર (૩) એક (૪) પાંચ
(૩૦) પંચતંત્રની પ્રાચીન પાઠપરંપરાઓની મૂલતઃ અભ્યાસ કરીને વિશેષ વાચન સામગ્રીવાળું 'પંચતંત્ર' જનસમાજને અર્પણ કરનારા વિદ્વાનનું નામ શું ?
જ. (૧) **ભોગીલાલ સાંડેસરા** (૨) કે. કા. શાસ્ત્રીજી (૩) ર. છો. પરીખ (૪) આનંદશંકર ધ્રુવ
(૩૧) મુદ્રણકળા (પ્રિન્ટીંગ પ્રેસ) ના પ્રારંભ પછી ગુજરાતી ભાષામાં 'પંચતંત્ર'ના પ્રથમ તંત્રનો પદ્યાત્મક અનુવાદ ક્યારે અને કોણે કર્યો હતો ?
જ. (૧) ૧૯૫૫, પ્રાણજીવન હરિહરે (૨) **૧૯૫૨, છોટાલાલ નરભેરામ ભટ્ટ**
(૩) ૧૯૩૯, વાલજી ગોવિન્દજી દેસાઈ (૪) ૧૯૪૮, ભોગીલાલ સાંડેસરા
(૩૨) પ્રાણીકથાના ઉદ્ભવના મૂળ તરીકે કયા વેદના કયા સૂક્તને વિદ્વાનો આધાર તરીકે સ્વીકારે છે ?
જ. **ઋગ્વેદનું મંડૂક સૂક્ત**
(૩૩) કયું ઉપનિષદ્ તેમાં રહેલા વૃષભ, શ્વાન, હંસ અને મદ્ગુ જેવાં પ્રાણીઓને લીધે પ્રાણીકથાના ઉદ્ભવનો સ્રોત મનાય છે ?
જ. (૧) બૃહદારણ્યક (૨) **છાન્દોગ્ય** (૩) તૈતિરીય (૪) મુંડક
(૩૪) મોટાભાગના ભારતીય અને વિદેશી વિદ્વાનો કયા દેશને પ્રાણીકથાના ઉદ્ભવ સ્થાન તરીકે પ્રાધાન્ય આપે છે ?
જ. (૧) ઈજિપ્ત (૨) ગ્રીસ (૩) **ભારત** (૪) ઈરાન
(૩૫) પતંજલિના મહાભાષ્યમાં જોવા મળતા કયા બે ન્યાય આપણને તે સમયમાં પણ પ્રાણીકથાઓ પ્રચલિત હશે એમ દર્શાવે છે ?
જ. (૧) शाखाचन्द्रः, सूचीकटाहन्यायः (૨) बीजाङ्कुरन्याय, वह्निधूमन्यायः
(૩) काकाक्षिगोलः, धुणाक्षरन्यायः (૪) **अजाकृपाणीयन्यायः, काकतालीयन्यायः**
(૩૬) યુનિવર્સિટી કક્ષાએ હાલમાં 'પંચતંત્ર'ની કઈ આવૃત્તિ પ્રમાણભૂત મનાય છે ?
જ. (૧) **નિર્ણયસાગરની આવૃત્તિ** (૨) બોમ્બે સંસ્કૃત સિરીઝ આવૃત્તિ
(૩) ગુજરાત વિદ્યાસભાની આવૃત્તિ (૪) ચોખમ્બા વારાણસીની આવૃત્તિ

**(૧) મિત્રભેદ :**

પિંગલક સિંહ અને સંજીવક બળદની મુખ્ય કથા છે. દમનક અને કરટક નામના શિયાળે સિંહના સેવકો હતા. આમાનો દમનક શિયાળ એકવાર વનના રાજા સિંહનો સંજીવક બળદ સાથે પરિચય કરાવે છે.

તેમનો સામાન્ય પરિચય પછીથી ગાઢ મિત્રતામાં પરિણમે છે. ત્યારે દમનકને સંજીવક બળદની ઈર્ષ્યા આવે છે. આ વખતે કરટકે ના પાડવા છતાં તેણે સિંહને સંજીવક વિરુદ્ધ ચઢવણીઓ કરી. છતાં શરૂઆતમાં તેઓ સ્નેહ ટકી રહ્યો. છેવટે શિયાળની કૂટનીતિનો વિજય થયો અને સિંહે લડાઈમાં સંજીવકને મારી નાંખ્યો. શિયાળોને તેમનાં પ્રધાનપદ પાછાં મળ્યાં. પ્રપંચી અને કૂટનીતિવાળા વ્યક્તિઓ કાચા કાનના રાજાને (અથવા જગતના કોઈપણ વ્યક્તિને) ચઢવણી કરીને અંદરો અંદર લડાઈ - ઝગડા કરાવે છે. આમ પ્રપંચ અને કપટથી ગાઢમિત્રોમાં પણ ભેદ પાડી શકાય છે એ આ તન્ત્રનું મુખ્ય કથયિતવ્ય છે. એમાં બીજી ૨૨ પેટા કથાઓ છે. જેમ કે —

(૧) કીલોત્પાટિવાનર કથા
(૨) શિયાળ અને દુન્દુભિ કથા
(૩) દન્તિલ-ગોરંભ કથા
(૪) અષાઢભૂતિ-શિયાળ અને દૂતી કથા
(૫) વણકર-સુથાર-રાજીન્યાકથા
(૬) કાગડાનું જોડું અને કાળા સાપની કથા
(૭) બગલા-કરચલાની કથા
(૮) સિંહ-સસલાની કથા
(૯) જૂ અને માંકણની કથા
(૧૦) ચંડરવ શિયાળની કથા
(૧૧) ઊંટ અને કાગડાની કથા
(૧૨) ટિટોડા અને સમુદ્ર કથા
(૧૩) બે હંસ અને કાચબાની કથા
(૧૪) અનાગતવિધાતા - પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય કથા
(૧૫) ચકલીના મિત્રો અને હાથીની કથા
(૧૬) સિંહ - શિયાળ કથા
(૧૭) સૂચીમુખવાનર કથા
(૧૮) વાનર અને ચટકદંપતી કથા
(૧૯) ધર્મબુદ્ધિ - પાપબુદ્ધિની કથા
(૨૦) મૂર્ખ બગલો અને નકુલ કથા
(૨૧) લોખંડની તુલા અને વણિકપુત્ર કથા
(૨૨) નૃપસેવકવાનર કથા

**: પ્રથમતંત્ર મિત્રભેદના પ્રશ્ન :**

(૩૭) પંચતન્ત્રના પ્રથમ તન્ત્રનું નામ શું છે ?
જ. (૧) **મિત્રભેદ** (૨) મિત્રપ્રાપ્તિ (૩) લબ્ધપ્રણાશ

(૩૮) 'મિત્રભેદ' શબ્દનો અર્થ શો છે ?
જ. (૧) મિત્રતા કરવી (૨) **મિત્રતા-તોડાવવી** (૩) મિત્રતાનું મહત્ત્વ.

(૩૯) 'મિત્રભેદ' નામના તન્ત્રમાં કુલ કેટલી વાર્તાઓ છે ?
જ. (૧) **૨૨** (૨) ૬ (૩) ૧૬

(૪૦) મિત્રભેદ નામના તન્ત્રમાં વાર્તાઓની વચ્ચે-વચ્ચે કુલ કેટલા નીતિબોધ કરતા શ્લોકો છે ?
જ. (૧) ૧૯૯ (૨) **૪૬૧** (૩) ૨૫૫

(૪૧) મિત્રભેદ તન્ત્રની મુખ્ય કથા કઈ છે ?
જ. (૧) કાગડો-હરણ-કાચબાની કથા (૨) **સિંહ-બળદ-શિયાળ કથા** (૩) મગર-વાનર કથા

(૪૨) 'મિત્રભેદ' તન્ત્રની સૌપ્રથમ પેટા કથા કઈ છે ?
જ. (૧) દન્તિલ-ગોરંભ કથા (૨) સિંહ-શશક કથા (૩) **ખીલો ખેંચનાર વાનર કથા**

(૪૩) પંચતન્ત્રકાર વિષ્ણુશર્માને મને આ નીતિશાસ્ત્ર - ભણનારને કોણ પરાસ્ત કરી શકતું નથી ?

જ. (૧) વિષ્ણુ (૨) **ઈન્દ્ર** (૩) બ્રહ્મા

(૪૪) મિત્રભેદની મુખ્ય વાર્તામાં બળદ અને સિંહનું નામ શું છે ?

જ. (૧) કરટક-દમનક (૨) **સંજીવક-પિંગલક** (૩) મેઘવર્ણ-અરિમર્દન

(૪૫) મહિલારોપ્ય નગરમાં રહેતા વણિકનું નામ શું હતું ?

જ. (૧) અમરદેવ (૨) **વર્ધમાન** (૩) ધર્મદેવ

(૪૬) વ્યાપાર માટે નીકળેલા વર્ધમાન વણિકના બે બળદોનાં નામ શું હતાં ?

જ. (૧) પિંગલક-સંજીવક (૨) સંજીવક-નિર્જીવક (૩) **સંજીવક-નંદક**

(૪૭) પંચતંત્રકારના મતે અર્થોપાર્જન માટે થતો વેપાર-વાણિજ્ય કેટલા પ્રકારનો હોય છે ?

જ. (૧) **સાત** (૨) આઠ (૩) છ

(૪૮) પંચતંત્રકારના મતે અર્થોપાર્જન માટે કરવામાં આવતા વેપાર-વાણિજ્યના સાત પ્રકારો કયા છે ?

જ. **(૧)ગાન્ધિક વ્યવહાર : સુગન્ધિત પદાર્થો વેચવા**

**(૨) નિક્ષેપપ્રવેશઃ - આભૂષણાદિ ગીરવે રાખી વ્યાજનો ધંધો કરવો.**

**(૩) ગૌષ્ઠિકકર્મ - ગાય સંબંધી વેપાર કે સામાજિક વેપાર કરવો.**

**(૪) પરિચિતગ્રાહક-આગમઃ - પરિચિત ગ્રાહકોને પોતાના તરફ ખેંચવી. (આજે ટી.વી. જાહેરાતોથી થતો વ્યાપાર આ પ્રકારનો છે.**

**(૫) મિથ્યાક્રયકથનઃ - ખોટું મૂલ્ય બોલીને કરાતો વ્યાપાર. (આજે પાંચ રૂ. ની વસ્તુ પચીસમાં વેચાય છે તે આ મુજબ છે.)**

**(૬) કૂટતુલામાન - ખોટા તોલમાપથી કરાતો વ્યાપાર. (આજે આવો વ્યાપાર પણ શાકભાજીની બજારો વગેરેમાં ચાલે છે.)**

**(૭) દેશાન્તર ભંડાયન - બીજા દેશનાં વાસણાદિ લાવી વેચવાનો વેપાર.**

(૪૯) વર્ધમાન વણિક વેપાર માટે જતો હતો ત્યારે તેના કયા બળદનો પગ તૂટી ગયો ?

જ. (૧) નંદક (૨) **સંજીવક** (૩) ધર્મક

(૫૦) પગ તૂટી ગયેલા સંજીવક બળદનું વર્ધમાન વણિકે શું કર્યુ ?

જ. (૧) **જંગલમાં છોડી દીધો** (૨) સાથે લીધો (૩) કોઈને આપી દીધો.

(૫૧) પિંગલક સિંહના બે મંત્રીઓ કોણ હતા ?

જ. (૧) નંદક-ધર્મક (૨) સંજીવક-નંદક (૩) **કરટક-દમનક**

(૫૨) કિલોત્પાટી વાનર કથામાંથી શો બોધ મળે છે ?

જ. (૧) **વ્યર્થ કાર્યો ન કરવાં** (૨) વ્યર્થ ઉપદેશ ન કરવો (૩) મૂર્ખાને બોધ ન આપવો.

(૫૩) સંજીવકથી ડરી ગયેલા સિંહને દમનક શિયાળ કોનાથી - શું શું ભેદાઈ જવાની વાત કરે છે ?

જ. **પાણીથી સેતુ, ગુપ્ત ન રાખતાં મંત્રણા, ચાડીથી સ્નેહ અને વાણીથી કાયર ભેદાઈ જવાની વાત કરે છે.**

(૫૪) ગોમાયુદુન્દુભિકથામાં ગોમાયુ કોનું નામ હતું ?

જ. (૧) **શિયાળ** (૨) વરૂ (૩) રીંછ

(૫૫) ગોમાયુ એકવાર શા કારણે ડરી ગયું ?

જ. (૧) સિંહના અવાજથી (૨) વરસાદથી (૩) **નગારાના અવાજથી**

(૫૬) ગોમાયુ-દુન્દુભિકથાથી શો બોધ મળે છે ?

જ. (૧) **કેવળ ઉપદેશન આપવા** (૨) કેવળ શબ્દમાત્રથી ડરવું (૩) કેવળ બાહ્ય જ્ઞાન ન લેવું

(૫૭) દમનક શિયાળે સિંહની સામે સંજીવકને કોનું વાહન કહ્યો ?

જ. (૧) **ભગવાન શિવ** (૨) માતા ગૌરી (૩) પરાક્રમી ઈન્દ્ર

(૫૮) દમનક શિયાળે પિંગલક સિંહને કોના વાહન તરીકે રજૂ કર્યો ?

જ. (૧) ભગવાન શિવ (૨) **દેવી ચંડિકા** (૩) ભગવાન વિષ્ણુ

(૫૯) પિંગલક સિંહ સાથેની વાતથી ખુશ થયેલો દમનક કઈ ચાર-બાબતોને અમૃત સમાન ગણાવે છે ?

જ. **શિયાળામાં અગ્નિ અમૃત સમાન છે. પ્રિયજનનું દર્શન અમૃત સમાન છે. રાજાએ આપેલુ સમ્માન અને દૂધનું ભોજન અમૃત સમાન છે.**

(૬૦) દંતિલ-ગોરંભની કથામાં દંતિલ કોણ હતો ?

જ. (૧) **નગરનો મુખી** (૨) નગરનો રાજા (૩) રાજાનો સેવક

(૬૧) દંતિલ-ગોરંભની કથામાં ગોરંભ કોણ હતો ?

જ. (૧) **રાજાનો સફાઈ કર્મી** (૨) રાજાનો સૈનિક (૩) રાજાનો સચિવ

(૬૨) દંતિલે પોતાની કન્યાના વિવાહ સમયે કોની ઉપેક્ષા કરી ?

જ. (૧) રાજાની (૨) સચિવની (૩) **ગોરંભની**

(૬૩) દંતિલ-ગોરંભ કથાનો બોધ શો છે ?

જ. **રાજાની સાથે રહેલા ઉત્તમ, મધ્યમ કે અધમ મનુષ્યોનું ગર્વને લીધે જ સમ્માન કરતો નથી તે, રાજાનો માનીતો હોય તો પણ અધિકારથી ભ્રષ્ટ થાય છે.**

(૬૪) પંચતંત્રકાર ખલપુરુષની ચેષ્ટાને કોના સમાન ગણાવે છે ?

જ. (૧) **ત્રાજવાની દાંડી** (૨) જબકતો દીવો (૩) સાપની જિહ્વા

(૬૫) મિત્રતા થયા પછી સંજીવકે પિંગલકને કેવો બનાવી દીધો ?

જ. (૧) **શાન્ત** (૨) ઉગ્ર (૩) હિંસક

(૬૬) સંજીવક સાથે મિત્રતાને કારણે પિંગલક સિંહમાં કયો ધર્મ વધ્યો ?

જ. (૧) અરણ્યધર્મ (૨) **ગ્રામ્યધર્મ** (૩) પશુધર્મ

(૬૭) પરિવ્રાજક અને ધુતારાની કથામાં પરિવ્રાજકનું નામ શું હતું ?

જ. (૧) **દેવશર્મા** (૨) મિત્રશર્મા (૩) ધર્મદેવ

(૬૮) દેવશર્મા પરિવ્રાજક પાસે ધનની લાલચે કોણ ગયું ?

જ. (૧) **આષાઢભૂતિ ધુતારો** (૨) માઘભૂતિ રાક્ષસ (૩) કર્ણભૂતિ યક્ષ

(૬૯) લોભી દેવશર્માનું કંથામાં સંતાડેલું ધન કોણ ચોરી ગયું ?

જ. (૧) ધર્મભૂતિ (૨) કર્ણભૂતિ (૩) **અષાઢભૂતિ**

(૭૦) પંચતંત્રકારના મતે અતિથિ-સત્કાર કરવાથી કયા કયા દેવ પ્રસન્ન થાય છે ?

જ. **અતિથિનું સ્વાગત કરવાથી અગ્નિ, આસન આપવાથી ઈન્દ્ર, પગ ધોવાથી ગોવિન્દ અને અર્ધ્ય આપવાથી શંકર પ્રસન્ન થાય છે.**

(૭૧) વારુણી એટલે કોણ ?

જ. (૧) સેવક (૨) **દારૂડિયો** (૩) ધનિક

(૭૨) આષાઢભૂતિ કોના ઘરે રોકાયો ?

જ. (૧) સુથાર (૨) વાણંદ (૩) **વણકર**

(૭૩) આષાઢભૂતિની વાર્તામાં કોની પત્ની વ્યભિચારણી હતી ?

જ. (૧) **વણકર** (૨) વાણંદ (૩) સાધુ

(૭૪) ક્ષુરભાંડ એટલે શું ?

જ. (૧) સુથારનાં ઓજાર (૨) **વાણંદની કોથળી** (૩) પંડિતની પોથી

(૭૫) આષાઢભુતિની વાર્તાને આધારે પંચતંત્રકારના મતે મોટો અપરાધ કરવા છતાં કોણ અવધ્ય છે ?

જ. **બ્રાહ્મણ, બાળક, સ્ત્રી, તપસ્વી અને રોગી.**

(૭૬) આષાઢભુતિએ બે ઘેટાંઓના યુદ્ધથી કોને મરાતો જોયો હતો ?

જ. (૧) સાપ (૨) ડુક્કર (૩) **શિયાળ**

(૭૭) વિષ્ણુનુ રૂપ લીધેલા વણકરે કોની સાથે છલથી પ્રેમ કર્યો ?

જ. (૧) **રાજકન્યા** (૨) બ્રાહ્મણકન્યા (૩) મંત્રીપુત્રી

(૭૮) વણકરને વિષ્ણુના રૂપ માટે કાષ્ઠનો ગરુડ કોણે બનાવી આપ્યો હતો ?

જ. (૧) **તેના સુથાર મિત્રે** (૨) તેના વૈદ્ય મિત્રે (૩) તેના તાંત્રિક મિત્રે

(૭૯) વિષ્ણુ બનેલા વણકરોને આધારે પંચતંત્રકાર કયો બોધ આપે છે ?

જ. **સારી રીતે યોજેલો દંભનો પાર બ્રહ્મા પણ પામી શકતા નથી.**

(૮૦) વિષ્ણુ બનેલા વણકરની વાર્તા મુજબ પંચતંત્રકાર કોના કોના માટે કરેલો પ્રાણત્યાગ અક્ષયલોક આપનાર હોય છે ?

જ. **ગાય માટે, બ્રાહ્મણ માટે સ્વામી માટે, સ્ત્રી માટે અને પોતાના સ્થાન માટે.**

(૮૧) કાગડાનું જોડું અને કાળો નાગ એ વાર્તાથી શો બોધ મળે છે ?

જ. **યુક્તિથી જે કામ સિદ્ધ થાય છે તે પરાક્રમથી કરી શકાતું નથી.**

(૮૨) 'અતિલોભ એ વિનાશનું મૂળ છે.' એ બોધ માટે પંચતંત્રકાર કઈ વાર્તા કરે છે ?

જ. (૧) **બગલા-કરચલાની** (૨) કાગડા-કાળાસાપની (૩) સિંહ-સસલાની

(૮૩) બગલા અને કરચલાની વાર્તા દ્વારા પંચતંત્રકાર અનાવૃષ્ટિનું કયું કારણ આપે છે ?

જ. **શનૈશ્ચર આકાશમાં રોહિણી નક્ષત્રના ગાડાને ભેદે તો બાર વર્ષ વરસાદ થતો નથી.**

(૮૪) यस्य बुद्धिः बलं तस्य, बुद्धिहीनं बलं कुतः ? ને આધારે પંચતંત્રકાર કઈ વાર્તા કહે છે ?
જ. (૧) सिंह-शशककथा (૨) बक-करटककथा (૩) यूका-मत्कूणकथा
(૮૫) નાનકડા સસલાએ કેવી રીતે સિંહને કૂવામાં પાડ્યો હતો ?
જ. (૧) મિત્ર દ્વારા (૨) જ્ઞાનથી (૩) **બુદ્ધિપ્રભાવથી**
(૮૬) જૂ અને માંકડની કથા દ્વારા પંચતંત્રકાર શો બોધ આપે છે ?
જ. જેનું શીલ જાણવામાં આવ્યું ન હોય એવા કોઈને આશ્રય આપવો નહીં.
(૮૭) જૂ અને માંકણની કથામાં જૂનું નામ શું હતું ?
જ. (૧) **મન્દવિસર્પિણી** (૨) શાન્તસર્પિણી (૩) શીઘ્રસર્પિણી
(૮૮) જૂ અને માંકણની કથામાં માંકણનું નામ શું હતું ?
જ. (૧) મંદમુખ (૨) **અગ્નિમુખ** (૩) તીક્ષ્ણમુખ
(૮૯) ગળીથી અનાયાસે રંગાયેલા શિયાળે પોતે કોની આજ્ઞાથી વનનો રાજા બન્યો છે એમ બધાં પ્રાણીઓને કહ્યું ?
જ. (૧) વિષ્ણુની આજ્ઞા (૨) **બ્રહ્માની આજ્ઞા** (૩) ઇન્દ્રની આજ્ઞા
(૯૦) ગળીથી રંગાયેલા ચંડરવ શિયાળે પોતાનું કયું નામ ધારણ કર્યું ?
જ. (૧) કકુદ્‌દ્રુમ (૨) ચંદ્રદ્રુમ (૩) મેઘનાદ
(૯૧) ગળીથી રંગાયેલા શિયાળે - કકુદ્‌દ્રુમ રાજા ની કોને કયા પદે નિયુક્ત કર્યાં ?
જ. **સિંહને અમાત્યપદે, વાઘને શય્યાપાલ, દીપડાને તાંબુલવાહક અને વરુને દ્વારપાલ.**
(૯૨) મિત્રભેદતંત્રમાં કકુદ્‌દ્રુમ ખરેખર કોણ હતો ? તેનો નાશ શા માટે થયો
જ. **કકુદ્‌દ્રુમ ખરેખર ગળીથી રંગાયેલો શિયાળ હતો. તેણે પોતાના અંતરંગ પ્રાણીઓને બહાર કાઢ્યા અને પારકાંને પોતાના ગણ્યાં, તેથી તેનો નાશ થયો.**
(૯૩) સિંહના લુચ્ચા સેવકો અને ભોળા ઊંટની કથા ઉપરથી શો બોધ મળે છે ?
જ. **કપટ ઉપર આજીવિકા ચલાવનારા સિંહના શિયાળ, દીપડો અને કાગડા જેવા સેવકોથી નિર્દોષ ઊંટ માર્યો ગયો હતો. માટે કપટી અનુચરો અને એવા રાજાનો વધારે વિશ્વાસ કરવો નહીં, એવો બોધ મળે છે.**
(૯૪) ટીટોડી અને સમુદ્રની કથાથી શો બોધ મળે છે ?
જ. શત્રુનું બળ જાણ્યા વિના વેર બાંધે છે તે ટીટોડીથી જેમ સમુદ્ર હારી ગયો તેમ હારી જાય છે.
(૯૫) બે હંસ અને કાચબાની કથા પરથી શો બોધ મળે છે ?
જ. **લોકમાં હિતેચ્છુ મિત્રોનું વચન જે જન સાંભળતો નથી, તે દુર્બુદ્ધિ લાકડી પરથી પડેલા કાચબાની જેમ નાશ પામે છે.**
(૯૬) બે હંસ અને કાચબાની વાર્તામાં હંસોનાં નામ અને કાચબાનું નામ શું હતું ?
જ. **બે હંસના નામ સંકટ અને વિકટ હતાં જ્યારે કાચબાનું નામ કંબુગ્રીવ હતું.**

(૯૭) આનાગત વિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્‌ભવિષ્ય કોણ હતા ?

જ. (૧) બ્રાહ્મણો (૨) **માછલાઓ** (૩) પક્ષીઓ

(૯૮) અનાગતવિધાતા શબ્દનો અર્થ શો થાય છે ?

જ. **સંકટ આવ્યા પહેલાં જ તેનો ઉપાય કરનાર.**

(૯૯) પ્રત્યુત્પન્નમતિ શબ્દનો અર્થ શો છે ?

જ. **સંકટ આવે ત્યારે સમયસૂચકતાથી ઉપાય કરનાર.**

(૧૦૦) યદ્‌ભવિષ્ય શબ્દનો અર્થ જણાવો ?

જ. **દૈવ ઉપર આધાર રાખીને જેમ થાય તેમ કરનાર.**

(૧૦૧) અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્‌ભવિષ્ય આ ત્રણ માછલાઓમાંથી કોણ બચી ગયું અને કોણ મરી ગયું ?

જ. **અનાગતવિધાતા અને પ્રત્યુત્પન્નમતિ બચી ગયા, જ્યારે નસીબને આધારે જીવતો યદ્‌ભવિષ્ય માર્યો ગયો.**

(૧૦૨) અનાગતવિધાતા વગેરે માછલાઓની કથામાંથી શો બોધ લેવાનો છે ?

જ. **અનાગતવિધાતા અને પ્રત્યુત્પન્નમતિ સુખ ભોગવે છે. જ્યારે યદ્‌ભવિષ્ય નાશ પામે છે. માટે યદ્‌ભવિષ્ય ન બનવું.**

(૧૦૩) પંચતંત્રકાર ટીટોડીના માધ્યમે કહે છે તે મુજબ, અસમર્થ પુરુષોનો કોપ કેવો હોય છે ?

જ. **પોતાની જાતને બાળનારો જ હોય છે.**

(૧૦૪) પંચતંત્રકાર ટીટોડાના માધ્યમે કહે છે તે મુજબ, અસમર્થ પુરુષોનો કોપ કેવો હોય છે ?

જ. **પોતાની જાતને બાળનારો જ હોય છે.**

(૧૦૫) પંચતંત્રકાર ટીટોડાના માધ્યમથી કહે છે કે ઉત્સાહ એ કોનું મૂળ છે ?

જ. (૧) **લક્ષ્મી** (૨) બળ (૩) વિદ્યા

(૧૦૬) કયા ચાર મિત્રોએ ભેગા મળીને મહાકાય હાથીને મારી નાંખ્યો હતો ?

જ. **ચકલી, લક્કડખોદ, માખી અને દેડકો.**

(૧૦૭) ચકલીના મિત્રો અને હાથીની વાર્તામાં માખી અને દેડકાનાં નામ શું હતાં ?

જ. **માખીનું નામ વીણારવ અને દેડકાનું નામ મેઘનાદ હતું.**

(૧૦૮) ચકલીના મિત્રો અને હાથીની વાર્તામાંથી શો બોધ મળે છે ?

જ. **ઘણી નિર્બળ વસ્તુઓનો સમૂહ પણ દુર્જય બની જાય છે.**

(૧૦૯) ચકલીનાં મિત્રો અને હાથીની વાર્તામાં લક્કડખોદના માધ્યમથી પંચતંત્રકાર કહે છે તે મુજબ જે સંકટમાં સાથે રહે તે ..........છે. જે ભક્તિમાન હોય તે...........છે. જે કાર્ય કરી જાણે તે...........છે અને જેની પાસેથી શાન્તિ મળે છે...........છે ? (ભાર્યા, મિત્ર, પુત્ર કે સેવક)

જ. **ક્રમશઃ મિત્ર, પુત્ર, સેવક અને ભાર્યા.**

(૧૧૦) ટીટોડી અને ટીટોડાએ કોની મદદથી સમુદ્ર પાસેથી પોતાનાં ઈંડા પાછાં મેળવ્યાં ?

જ. **પોતાના રાજા ગરુડના માધ્યમથી વિષ્ણુની મદદથી ઈંડા પાછાં મેળવ્યાં.**

(૧૧૧) સૂચીમુખ પક્ષી અને વાનરની કથામાંથી શો બોધ મળે છે ?

જ. **જે ઉપદેશને લાયક ન હોય તેને ઉપદેશ આપવો નહીં.**

(૧૧૨) સુઘરીના માળાને કોણે તોડી નાંખ્યો હતો ?

જ. (૧) સૈનિકે (૨) **વાનરે** (૩) શિયાળે

(૧૧૩) સુઘરી અને વાનરની કથામાંથી શો બોધ મળે છે ?

જ. **ગમે તેવા મનુષ્યને ઉપદેશ આપવો નહીં નહિંતો મૂર્ખ વાનરે જેમ સુઘરીને ઘર વિનાની બનાવી હતી તેવું થાય.**

(૧૧૪) ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ બંને કોણ હતા ?

જ. (૧) ભાઈઓ (૨) **મિત્રો** (૩) શત્રુઓ

(૧૧૫) પંચતંત્રકારના સમયમાં દિવ્યદેવાનો ન્યાય એટલે કેવો ન્યાય ?

જ. **અગ્નિદિવ્ય-જલદિવ્ય વગેરેથી મનુષ્ય અપરાધી છે કે નહીં તેની પરીક્ષા કરવાનો ન્યાય એટલે દિવ્યદેવાનો ન્યાય. જો અગ્નિદિવ્યમાં મનુષ્ય લોખંડનો સળિયો પકડતો, જો દોષી હોય તો દાઝે, ના હોય તો ના દાઝે.**

(૧૧૬) ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિમાંથી કોણે ધન છૂપાવી દીધું હતું ?

જ. **પાપબુદ્ધિએ.**

(૧૧૭) ધર્મબુદ્દિ અને પાપબુદ્ધિની ધનની ચોરીની બાબતમાં છેવટે કોનો વિજય થયો ?

જ. **ધર્મબુદ્ધિનો.**

(૧૧૮) પાપબુદ્ધિએ વ્યર્થ પાંડિત્યથી કોનો નાશ કર્યો ? કેવી રીતે ?

જ. **પોતાના પિતાનો. તેણે પિતાને શમીવૃક્ષમાં છૂપાવીને અસત્ય બોલવા કહ્યું અને છેવટે ધર્મબુદ્ધિએ શમીવૃક્ષમાં આગ મૂકતા તે બળી ગયો.**

(૧૧૯) બગલા અને નોળિયાની કથા ઉપરથી શો બોધ મળે છે ?

જ. **બુદ્ધિશાળી મનુષ્યે ઉપાયનો વિચાર કરવા સાથે અપાય (વિઘ્ન)નો વિચાર પણ કરવો જોઈએ.**

(૧૨૦) બગલાની કઈ ભૂલથી નોળિયાએ તેમનાં બચ્ચાંનો નાશ કર્યો ?

જ. **બગલાએ નોળિયાના દરથી વૃક્ષની નીચે આવેલા સાપના દર સુધી એક-એક માછલું વેરી નાંખ્યું. નોળિયાએ તેના દ્વારા સાપ સુધી પહોંચી સાપને મારી નાંખ્યો. પરંતુ પછીથી વૃક્ષઉપર ચડી બગલાનાં બચ્ચાં પણ ખાઈ ગયો.**

(૧૨૧) 'ઊંદર લોઢું ખાઈ ગયા' - વાર્તા શું છે ?

જ. **જીર્ણધન વાણિયાની લોઢાની તુલા એક બીજા વાણિયાએ પચાવી પાડી અને માગી ત્યારે કહ્યું કે ઉંદર ખાઈ ગયા. જીર્ણધને તેના દીકરાને સંતાડી દીધો અને કહ્યું કે એને બાજ ઉપાડી ગયો. આ રીતે જેવા સાતે તેવા થઈ, બદલો લીધો.**

(૧૨૨) રાજા અને વાનરની વાર્તામાંથી શો બોધ મળે છે ? કેવી રીતે ?

જ. **લાંબું આયુષ્ય ઇચ્છતા મનુષ્યે મૂર્ખ અનુચર ન રાખવો. જેમ વાનર રાજાનો અનુચર હતો. પરંતુ એકદિવસ સૂતેલા રાજા ઉપર માખી બેઠી. જેને મારવા વાનરે તલવાર મારી માંખી ઊડી ગઈ અને રાજા માર્યો ગયો.**

(૧૨૩) બ્રાહ્મણો અને ચોરની વાર્તામાં બ્રાહ્મણ કયા કારણે ચોર બન્યો હતો ?

જ. **પૂર્વજન્મના યોગથી ચોર બન્યો હતો.**

(૧૨૪) બ્રાહ્મણ અને ચોરની વાર્તામાં બ્રાહ્મણોએ કયાં રત્નો સંતાડ્યાં હતાં ?

જ. **પોતાની જાંઘની અંદર.**

(૧૨૫) બ્રાહ્મણોને જાંઘમાં રત્નો સંતાડીને જતા ચાર બ્રાહ્મણોને કોના કહેવાથી કોણે રસ્તામાં રોક્યા ?

જ. **ચાર બ્રાહ્મણોને કાગડાના વચનથી ભીલોએ રસ્તામાં રોક્યા.**

(૧૨૬) પેલા ચોર-બ્રાહ્મણો કેવી રીતે ચાર-બ્રાહ્મણોને બચાવ્યા ?

